# પાક્કો ગુજરાત

RNI:- GUJGUJ/2016/67425

Date:- 20-09-2026 I VOL : 12 I Issue : 185 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


સુવિચાર

સારા વિચારો જ સારા જીવનની શરૂઆત છે. મુશ્કેલીઓ માણસને તોડવા નહીં, ઘડવા આવે છે. ”


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008



3  રામીણ સુરક્ષા મજબૂત કરવા ગૃહ વિભાગનો નિર્ણય: 200 નવી PSIની જગ્યાઓ...

4  મરણ પાછળના દેખાવ નહીં, માનવતાભર્યા વ્યવહારની જરૂર છે

6  હું તો પ્રાર્થના કરૂ છું કે, પુરૂષોને પણ પીરિયડ્સ આવે અને ક્રેમ્પ આવે: શ્રુતી

7  BCCIમાં મોટી ઉથલપાથલ, અજિત અગરકર ચીફ...


## એક નજર...

### અભિનેત્રી મેઘા શુક્લાનો બોલ્ડ અંદાજ વાયરલ થયો



સોશિયલ મીડિયા પર સતત સક્રિય રહેતી મેઘા અવારનવાર પોતાના નવા અને ટ્રેન્ડી ફોટોશૂટની તસવીરો ફેન્સ સાથે શેર કરીને ઈન્ટરનેટનું તાપમાન વધારતી રહે છે. તેણે વિવિધ બ્રાન્ડ્સ, મ્યુઝિક વિડીયો અને મોડેલિંગ પ્રોજેક્ટ્સમાં કામ કરીને પોતાના ગ્લેમરસ લુક અને પ્રતિભા દ્વારા પ્રશંસકોનું ધ્યાન ખેંચ્યું છે. તેનો આ અંદાજ સો.મીડિયા પર વાયરલ થયો.

## NEWS TRACK

### ટ્રમ્પે CNN સહિત 3 મીડિયા હાઉસ પર લગાવ્યો ગંભીર આરોપ, વ્હાઇટ હાઉસના દરવાજા કાયમી બંધ કર્યા

વોશિંગ્ટનમાં 18 સપ્ટેમ્બરે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે CNN, MSNOW અને પોલિટિકોને વ્હાઈટ હાઉસમાંથી પ્રતિબંધિત કરવાની જાહેરાત કરી. ટ્રમ્પે શુક્રવારે જણાવ્યું કે આ સંસ્થાઓના સતત ફેક ન્યૂઝ કવરેજને કારણે આ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમણે આગળ પણ અન્ય મીડિયા સંસ્થાઓ પર આવા પ્રતિબંધો મૂકવાની ધમકી આપી. ટ્રમ્પે પોતાની સોશિયલ મીડિયા સાઈટ પર લખ્યું કે આ પ્રતિબંધ તાત્કાલિક અસરથી લાગુ થશે. તેમણે આ સંસ્થાઓના રિપોર્ટિંગને “FAKE NEWS” ગણાવ્યું. તો બીજી તરફ વિપક્ષી નેતાઓ અને પ્રેસ સ્વતંત્રતા માટે લડતી સંસ્થાઓએ આ પગલાંને ગેરબંધારણીય ગણાવીને 'અમેરિકામાં સરમુખત્યારશાહીની શરૂઆત' ગણાવી છે. આ પહેલાં ટ્રમ્પે ફેબ્રુઆરી 2025માં એસોસિએટેડ પ્રેસ (AP)ના પત્રકારો પર પણ આવો જ પ્રતિબંધ મૂક્યો હતો. તે સમયે ટ્રમ્પે APના પત્રકારોને ઓવલ ઓફિસ, એર ફોર્સ વન અને અન્ય કાર્યક્રમોમાં જવા પર રોક લગાવી હતી. આ કાર્યવાહી APએ ગલ્ફ ઓફ મેક્સિકોનું નામ બદલવાના તેમના નિર્ણયનું સમર્થન ન કર્યા બાદ કરવામાં આવી હતી.

### H-1B વિઝા અંગે ટ્રમ્પે એકસાથે ડબલ ઝટકો આપ્યો, ભારતીયોની નોકરી પર આફત, 1 લાખ ડૉલર ફી યથાવત્

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રશાસને H-1B વિઝાને લઈને એક મોટો અને કડક નિર્ણય લીધો છે. ટ્રમ્પ પ્રશાસને H-1B વિઝા પર 1 લાખ ડૉલરની ફી વસૂલવાના આદેશને વધુ એક વર્ષ માટે લંબાવી દીધો છે, જેની સીધી અસર ભારતીય ટેક પ્રોફેશનલ્સ પર પડી શકે છે. H-1B વિઝા પર 1 લાખ ડૉલરની ફીનો આદેશ એક વર્ષ વધાર્યો અમેરિકામાં H-1B વિઝાના નિયમો અંગે ટ્રમ્પ પ્રશાસને ફરી એકવાર કડક વલણ અપનાવ્યું છે. વ્હાઈટ હાઉસે H-1B વિઝા પર 1,00,000 ડૉલરની ફી લગાવતા જૂના આદેશને વધુ એક વર્ષ માટે લંબાવી દીધો છે. આ સાથે જ 18 સપ્ટેમ્બર, 2026ના રોજ એક નવો આદેશ પણ જાહેર કરવામાં આવ્યો છે, જેમાં આ વિઝાના ઉપયોગ પર વધુ કડક દેખરેખ અને તપાસની વાત કહેવામાં આવી છે. ખાસ કરીને એવી કંપનીઓ પર નજર રાખવામાં આવશે જેના પર ઓછા વેતનવાળા વિદેશી કર્મચારીઓને રાખીને સ્થાનિક અમેરિકન કર્મચારીઓની નોકરી છીનવી લેવાનો આરોપ છે.

## ઈન્દોરમાં રાહુલ ગાંધીનો 'છાત્રો કી ગુંજ' કાર્યક્રમ

# સિસ્ટમ નથી ઇચ્છતી કે વિદ્યાર્થીઓ પ્રશ્નો પૂછે, તેથી અંધભક્તો પેદા કરે છે: રાહુલ

ઇન્દોર

રાહુલ ગાંધી ઈન્દોરમાં 'છાત્રો કી ગુંજ'ને સંબોધિત કરી રહ્યા છે. કાર્યક્રમ માટે IDA ગ્રાઉન્ડ પર 20થી 25 હજાર યુવાનો પહોંચ્યા છે. રાહુલ આ કાર્યક્રમમાં શિક્ષણ, રોજગાર, પેપર લીક અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરે છે. ઈન્દોરમાં આ તેમનો પ્રથમ અને દેશમાં 5મો કાર્યક્રમ છે. કોંગ્રેસે કહ્યું છે કે કાર્યક્રમ માટે લગભગ 2 લાખ રજિસ્ટ્રેશન થયા છે. કાર્યક્રમની પરવાનગી 31 શરતો સાથે મળી છે. રાહુલ ગાંધીએ કહ્યું, “હવે એક રસપ્રદ વાત જણાવું છું. સિસ્ટમને વિદ્યાર્થીથી ખતરો છે. ખતરો શા માટે છે, કારણ કે વિદ્યાર્થી સવાલ પૂછે છે.” તેમણે કહ્યું કે વિદ્યાર્થી સવાલ કરે છે કે અમિત શાહજીના પુત્ર ક્રિકેટ એસોસિએશનના ચેરમેન કેવી રીતે બની ગયા? વિદ્યાર્થી પૂછે છે કે હિન્દુસ્તાનના સમગ્ર બિઝનેસ પર બે લોકોએ કેવી રીતે કબજો કરી લીધો? વિદ્યાર્થી એ પણ પૂછે છે કે ન્યાયતંત્ર અને બાકીની સંસ્થાઓ પોતાનું કામ શા



માટે નથી કરતી અને ચૂંટણી પંચ પોતાનું કામ શા માટે નથી કરતું? “તેથી જ સિસ્ટમ વિદ્યાર્થી નથી ઈચ્છતી, સિસ્ટમ અંધભક્ત ઈચ્છે છે.” તેમણે કહ્યું, “અંધભક્ત કોણ છે? અંધભક્ત એન્ટી-સ્ટૂડન્ટ છે. જ્યાં વિદ્યાર્થી સવાલ પૂછે છે, જ્યાં વિદ્યાર્થી ક્યુરિયસ છે, ત્યાં અંધભક્ત ડિલ્યુઝનલ છે, પોતાની દુનિયામાં રહે છે.” રાહુલે કહ્યું કે જ્યાં વિદ્યાર્થી પ્રેમની વાત કરે છે અને પ્રેમ તથા સન્માનથી વાત કરે છે, ત્યાં અંધભક્ત નફરત ફેલાવે છે.

### રાહુલ વિદ્યાર્થીઓ સાથે વાત કરતા વિદ્યાર્થી અને અંધભક્ત વચ્ચેના 4 તફાવતો ગણાવ્યા...

1. જ્યાં વિદ્યાર્થી સવાલ પૂછે છે ત્યાં અંધભક્ત ભ્રમિત હોય છે
2. જ્યાં વિદ્યાર્થી પ્રેમની વાત કરે છે ત્યાં અંધભક્ત નફરત ફેલાવે છે.
3. જ્યાં વિદ્યાર્થી નિડર હોય છે ત્યાં અંધભક્ત ડરપોક હોય છે.
4. જ્યાં વિદ્યાર્થી મહિલાઓનું સન્માન કરે છે ત્યાં અંધભક્ત મહિલાઓનું અપમાન કરે છે.

## સુપરહિટ GDP ગ્રોથ રેટના દાવા વચ્ચે 25 ટકા યુવાનો બેરોજગાર!

### યુવાનો 'ના નોકરી કરી રહ્યા છે, ના અભ્યાસ'

નવી દિલ્હી

ભારત વિશ્વમાં સૌથી વધુ યુવા વસ્તી ધરાવતો દેશ હોવાનો ગર્વ લે છે. યુવાનો કોઈપણ રાષ્ટ્રની પ્રગતિનું મુખ્ય એન્જિન હોય છે, પરંતુ શું આ માનવ સંસાધનની વાસ્તવિક ક્ષમતાનો સદુપયોગ થઈ રહ્યો છે? આ સવાલ વચ્ચે આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયના સામયિક શ્રમ દળ સર્વેક્ષણ (PLFS)ના અહેવાલે ગંભીર ચિંતા ઊભી કરી છે શુક્રવાર, 18 સપ્ટેમ્બરના રોજ જાહેર થયેલા વર્ષ 2025ના જિલ્લા સ્તરીય સર્વે મુજબ, દેશના આશરે 250 જિલ્લાઓમાં 15થી 29 વર્ષની વયના ઓછામાં ઓછા 25 ટકા યુવાનો સાવ ખાલી બેઠા છે. તેઓ ન તો કોઈ નોકરી કરે છે, ન અભ્યાસ કરી રહ્યા છે અને ન તો કોઈ સ્કિલ ટ્રેનિંગ લઈ રહ્યા છે. અભ્યાસમાં એક ખાસ પરિભાષાનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેને NEET (Not in Employment, Education or Training) તરીકે ઓળખવામાં આવે છે. સામાન્ય રીતે યુવાનોમાં બેરોજગારી માટે એવો તર્ક આપવામાં આવે છે કે તેઓ આગળ અભ્યાસ કરી રહ્યા હશે કે કોઈ વ્યાવસાયિક કૌશલ્ય શીખી રહ્યા હશે. પરંતુ NEET કેટેગરીમાં એવા યુવાનો આવે છે જેઓ આ ત્રણેયમાંથી કશું જ નથી કરી રહ્યા.

## IIT બોમ્બેમાં વિદ્યાર્થીએ આત્મહત્યા કરતા હડકંપ

મુંબઈ

આઈઆઈટી બોમ્બેના સેકન્ડ યરના વિદ્યાર્થીએ શુક્રવાર સાંજે આત્મહત્યા કરી લીધી. તે એનર્જી સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ વિભાગમાં અભ્યાસ કરતો હતો. આ પહેલાં, તે દિવસે પરીક્ષા દરમિયાન મોબાઈલ ફોનનો ઉપયોગ કરતાં ઝડપાયો હતો. આઈઆઈટી બોમ્બે અનુસાર, તેણે પ્રશ્નપત્ર ChatGPT પર અપલોડ કર્યું હતું. આ મામલે વિદ્યાર્થી સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી. પોલીસના જણાવ્યા અનુસાર, પરીક્ષા સાંજે 4 વાગ્યે પૂરી થઈ, ત્યારબાદ વિદ્યાર્થી પોતાના રૂમમાં ગયો. સાંજે તે પોતાના હોસ્ટેલના રૂમમાં ફાંસો લગાવેલી હાલતમાં મળી આવ્યો. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજાવાડી હોસ્પિટલ મોકલવામાં આવ્યો છે. 7 મહિનામાં આઈઆઈટી બોમ્બેના કેમ્પસમાં આત્મહત્યાનો આ ત્રીજો કેસ છે.

### 'મારી સાથે આ ભાષામાં આ વાત નહીં કરવાની'

## જનતાએ રોડ બનાવવાનું કહેતા મોદી કેબિનેટના મંત્રી ભડક્યા

નવી દિલ્હી

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને તેમના સંસદીય ક્ષેત્ર ગુનામાં સ્થાનિક રહેવાસીઓ દ્વારા અધૂરા રહેલા રસ્તાના મુદ્દે ઘેરવામાં આવ્યા હતા. રસ્તાની ખરાબ હાલત અને લાંબા સમયથી ચાલી રહેલી ઉપેક્ષાને લઈને રોષે ભરાયેલા ગ્રામજનોએ તેમના કાફલાને રોકીને વિરોધ નોંધાવ્યો હતો. 'રોડ નહીં તો વોટ નહીં'ના નારા સાથે વિરોધ ગ્રામજનોએ હાથમાં બેનરો લઈને 'રોડ નહીં તો વોટ નહીં'ના નારા લગાવ્યા હતા. જ્યારે મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયા એક ગામ તરફ જઈ રહ્યા હતા ત્યારે વિરોધ કરી રહેલા લોકોએ તેમનો કાફલો રોકી દીધો હતો.



આ દરમિયાન એક ગ્રામજન સાથે મંત્રીની ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી, જેનો વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાઈરલ થયો છે. વીડિયોમાં એક નાગરિક મંત્રીને સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતો સાંભળવા મળે છે કે જો આ વખતે રસ્તાનું કામ નહીં થાય તો આગામી ચૂંટણીમાં કોઈ મત નહીં આપે.

# બનાસકાંઠામાં PM રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજનામાં ₹17 કરોડનું મગફળી બિયારણ કૌભાંડ? સરકારના 'મોટા માથાઓ' સામે આંગળી ચિંધાઈ!

## 40,610 ક્વિન્ટલ મગફળીના બિયારણ સહાયમાં કરોડોનો ભ્રષ્ટાચાર! | ગ્રામસેવકોનું વેરિફિકેશન જ ગાયબ, ડીડીઓ અને ખેતીવાડી અધિકારીના રિપોર્ટ દબાવી દેવાયાનો ગંભીર આક્ષેપ | કૃષિ મંત્રાલય મૌન કેમ? પાક્કો ગુજરાતના 5 સીધા અને કડક સવાલો!

વિશેષ અહેવાલ - પાક્કો ગુજરાત ન્યૂઝ

(અહેવાલ: મનહર પટેલ)

પાલનપુર / બનાસકાંઠા:

રાજ્યના સરહદી અને ખેડૂતપ્રધાન બનાસકાંઠા જિલ્લામાં 'પ્રધાનમંત્રી રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના'ના નામે કરોડો રૂપિયાનું મોટું બિયારણ સબસિડી કૌભાંડ આચરાયું હોવાના સનસનાટીભર્યા આક્ષેપો સામે આવ્યા છે. બનાસકાંઠાના મગફળી પકવતા ગરીબ ખેડૂતોના નામે સરકારી તિજોરીમાંથી અંદાજે ૧૭ કરોડની સહાયમાં વ્યાપક ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાની વિગતો બહાર આવતાં સમગ્ર રાજ્યના રાજકારણ અને કૃષિ ક્ષેત્રે ખળભળાટ મચી ગયો છે.

રાજ્ય સરકારે બનાસકાંઠા જિલ્લામાં મગફળીનું વાવેતર કરવા માંગતા ખેડૂતો માટે વધુમાં વધુ ૨ હેક્ટરની મર્યાદામાં પ્રતિ કિલોએ ૪૦ સહાય આપવાની જાહેરાત કરી હતી. પરંતુ, આ સહાય ખેડૂતો સુધી પહોંચે તે પહેલાં જ સહકારી સંસ્થાઓ અને અધિકારીઓની મિલીભગતથી કરોડો રૂપિયાનું ભંડોળ સ્વાહા કરી દેવામાં આવ્યું હોવાનો ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે.

### 40,610 ક્વિન્ટલ બિયારણ ગાયબ? કઈ રીતે આચરાયું કૌભાંડ?

મળતી ચોંકાવનારી વિગતો મુજબ, જિલ્લામાં ૪૦,૬૧૦ ક્વિન્ટલ મગફળીનું બીજ સહકારી સંસ્થાઓ મારફતે વિતરિત કરવાનો દાવો કરવામાં આવ્યો હતો. પરંતુ જમીની વાસ્તવિકતા કંઈક જુદી જ છે:

ગ્રાઉન્ડ વેરિફિકેશન વગર જ કાગળ પર વહેંચણી: નિયમ મુજબ ખેડૂતોના ખેતરે જઈને ગ્રામસેવકો દ્વારા વેરિફિકેશન કરવાનું હોય છે. પરંતુ ઘણા ગ્રામસેવકોને આ ભ્રષ્ટાચારની ગંધ આવી જતાં તેમણે સહીઓ કરવાનો કે વેરિફિકેશન કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો!

અધિકારીઓના રિપોર્ટ દબાવી દેવાયા: સ્થાનિક જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા મગફળી બિયારણ સહાયમાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનો તપાસ રિપોર્ટ રાજ્ય સરકારને સુપ્રત કરવામાં આવ્યો હતો. પરંતુ ગાંધીનગરમાં બેઠેલા આકાઓએ આ અહેવાલ દબાવી દીધો હોવાનો આક્ષેપ કરાયો છે.

સહકારી સંસ્થાઓ અને કંપનીઓની મિલીભગત: કઈ કંપની પાસેથી બિયારણ ખરીદાયું અને ખરેખર તેટલો જથ્થો ફિઝિકલ રીતે જિલ્લામાં આવ્યો કે નહીં, તે અંગે મોટો રહસ્યનો પડદો છે.

### પાક્કો ગુજરાતના કૃષિ મંત્રાલયને 5 ઘાતક અને સીધા સવાલો

**આ કૌભાંડ આચરીને ખેડૂતોના હક પર ડાકા નાખનારાઓ સામે 'પાક્કો ગુજરાત' રાજ્યના કૃષિ મંત્રાલય પાસેથી નીચે મુજબના સ્પષ્ટ જવાબો માંગે છે:**

૧. જથ્થાની વાસ્તવિકતા: બનાસકાંઠાના ખેડૂતો માટે રાજ્ય સરકારે મગફળી બિયારણનો કેટલો જથ્થો ફિઝિકલ રીતે જિલ્લા ખેતીવાડી અધિકારીને ફાળવ્યો હતો અને ખરેખર કેટલો જથ્થો સ્થળ પર પહોંચ્યો?

૨. લાભાર્થીઓની યાદી: રાજ્ય સરકારે અત્યાર સુધીમાં બનાસકાંઠાના કેટલા ખેડૂતોને અને કુલ કેટલી રકમ સહાય પેટે ચુકવી છે?

૩. ખરીદીનું ગણિત: સરકારે જે સહકારી સંસ્થા પાસેથી મગફળી બિયારણ ખરીદ્યું, તે સંસ્થાએ કઈ ખાનગી કે સરકારી કંપની પાસેથી, કયા ભાવે અને કેટલો જથ્થો ખરીદ્યો હતો?

૪. બેંક ટ્રાન્સફરના આંકડા: જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરીએ આજ સુધીમાં કેટલા રૂપિયા અને કેટલા ખેડૂતોના સીધા બેંક ખાતામાં (DBT) જમા કરાવ્યા છે?

૫. વાવેતરનો વિસ્તાર: બનાસકાંઠા જિલ્લામાં ખરેખર કેટલા હેક્ટરમાં મગફળીનું વાવેતર નોંધાયું છે અને તેની સામે બિયારણ સબસિડીનો કેટલો ઉપાડ થયો છે?


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

### ગાંધીના ગુજરાત પર કાળો દાગ

# 1960થી અત્યાર સુધી 10 મોટા લઠ્ઠાકાંડ, 600થી વધુ નિર્દોષોના હોમાયા બલિદાન!

## સુપ્રીમ કોર્ટે ગુજરાતના દારૂબંધીના દાવાઓની ધજીયા ઉડાવી: ભાવનગરથી લઈને સાગર સુધી 'ઝેરી મિથેનોલ'ની હેરાફેરી | 'દારૂબંધી હોવા છતાં નેટવર્ક કેમ ચાલે છે?': દેશની સર્વોચ્ચ અદાલતની શાસન અને તંત્ર સામે કડક ટિપ્પણી!

ગાંધીનગર

'ગાંધીના ગુજરાતમાં દારૂબંધી છે' - આ શબ્દો માત્ર કાગળ પરની કલમો અને નેતાઓના ભાષણો સુધી જ સીમિત રહી ગયા છે. દેશની સર્વોચ્ચ અદાલતે (Supreme Court) તાજેતરમાં એક મહત્વપૂર્ણ ચુકાદો આપતી વખતે ગુજરાતની દારૂબંધીની કડવી વાસ્તવિકતા અને તેના કાળા ઈતિહાસ પર સણસણતો ચાબુક માર્યો છે. સુપ્રીમ કોર્ટે અત્યંત ગંભીર આંકડા ટાંકીને સ્પષ્ટ કર્યું છે કે માત્ર કાગળ પર દારૂબંધી જાહેર કરી દેવાથી ગેરકાયદે ઝેરી દારૂનો કાળો કારોબાર બંધ થતો નથી, બલ્કે તે વધુ ઘાતક બનીને ભોળા નાગરિકોનો ભોગ લે છે. સુપ્રીમ કોર્ટે પોતાના અવલોકનમાં નોંધ્યું છે કે ૧૯૬૦માં મહારાષ્ટ્રથી અલગ થઈને ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારથી લઈને આજ સુધીમાં ઓછામાં ઓછા ૧૦ મોટા સામૂહિક લઠ્ઠાકાંડ સર્જાઈ ચૂક્યા છે. આ માનવસર્જિત આપદાઓમાં ૬૦૦થી વધુ નિર્દોષ નાગરિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે અને સેંકડો લોકોએ પોતાની આંખોની રોશની ગુમાવીને કાયમી અપંગતા ભોગવવાનો વારો આવ્યો છે.

ભાવનગર લઠ્ઠાકાંડ (ગુજરાત): જ્યાં ઝેરી રસાયણયુક્ત લઠ્ઠો પીવાથી ૧૩થી વધુ લોકોના કરૂણ મોત નીપજ્યા.

સાગર લઠ્ઠાકાંડ (મધ્ય પ્રદેશ): જ્યાં આવી જ રીતે ૧૫ લોકો ઝેરી દારૂનો શિકાર બન્યા.

અદાલતે ચીમકી આપતાં કહ્યું કે આ તમામ ઘટનાઓ તંત્ર અને પોલીસ માટે 'આંખ ઉઘાડનારો કડવો ડોઝ' છે.

આ તમામ લઠ્ઠાકાંડો પાછળ એક જ સમાન મોડેસ ઓપરેન્ડી (Pattern) રહી છે - 'મિથેનોલ' (Methanol). સામાન્ય રીતે ઔદ્યોગિક વપરાશ (Industrial Solvents) માટે વપરાતું આ અત્યંત ઝેરી અને ઘાતક કેમિકલ ફેક્ટરીઓ અને ઉદ્યોગોમાંથી ગેરકાયદેસર રીતે લીક કે ચોરી કરવામાં આવે છે. વધુ નફો કમાવાની લાલચમાં બુટલેગરો અને કૌભાંડીઓ આ મિથેનોલને પાણી અને દેશી દારૂમાં ભેળવીને 'લઠ્ઠો' તૈયાર કરે છે. આ મિથેનોલ માનવ શરીરમાં જતાં જ લીવર, કીડની અને સેન્ટ્રલ નર્વસ સિસ્ટમને ક્ષણભરમાં નષ્ટ કરી નાખે છે, જેના કારણે બ્રેઈન ડેડ અને ત્વરિત મોત થાય છે. સુપ્રીમ કોર્ટે અવલોકન કર્યું કે માત્ર દારૂ વેચનારા નાના-મોટા બુટલેગરોને પકડવાથી આ કૌભાંડ નહીં અટકે; મિથેનોલ કેમિકલ ફેક્ટરીથી લઈને સપ્લાય ચેઈન સુધીના આખા કાળા નેટવર્કને તોડી પાડવું પડશે. ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં ખૂણે-ખૂણે દેશી અને વિદેશી દારૂની રેલમછેલ કેમ જોવા મળે છે? પોલીસ-બુટલેગર ગઠબંધન: દરેક લઠ્ઠાકાંડ પછી સરકાર અને પોલીસ વિભાગ તપાસ કમિશનો રચવાની અને એસઆઈટી (SIT) બનાવવાની વાતો કરે છે. પરંતુ ગ્રાઉન્ડ રિયાલિટી એ છે કે સ્થાનિક પોલીસ અને બુટલેગરો વચ્ચેનું 'હપ્તાખોરીનું નેટવર્ક' જ આ ઝેરી કારોબારને ખીલવે છે.

---

## ભરૂચ: પરીએજ નજીક ભૂખી ખાડીમાં 8 ફૂટનો અજગર જાળમાં ફસાયો

ભરૂચ

ભરૂચ તાલુકાના પરીએજ ગામ નજીક આવેલી ભૂખી ખાડીમાં માછીમારીના જાળમાં અંદાજે 8 ફૂટ લાંબો અજગર ફસાઈ જતા ચકચાર મચી હતી. વરસાદ બાદ ખાડીમાં પાણીની આવક વધતાં અજગર જાળમાં ફસાયો હતો. ઘટનાની જાણ થતાં રેસ્ક્યુ ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી હતી. રેસ્ક્યુ ટીમે ભારે સાવચેતીપૂર્વક જાળમાંથી અજગરને બહાર કાઢી તેનું સફળ રેસ્ક્યુ કર્યું હતું. બાદમાં અજગરને સુરક્ષિત કુદરતી વિસ્તારમાં છોડવામાં આવ્યો હતો. સમયસર રેસ્ક્યુ થતાં અજગરનો જીવ બચ્યો હતો અને કોઈ અનિચ્છનીય ઘટના પણ ટળી હતી. વરસાદી મોસમ દરમિયાન ખાડી, નાળા અને પાણી ભરાયેલા વિસ્તારોમાં સાપો બહાર આવવાની શક્યતા હોવાથી લોકોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

## પત્નીના ઠપકા બાદ મનદુ:ખ, વિલાયત L&T કોલોનીમાં 26 વર્ષીય શ્રમિકે જીવન ટૂંકાવ્યું

વિલાયત

વાગરા તાલુકાના વિલાયત સ્થિત L&T કોલોનીમાં વિશ્વકર્મા જયંતીની ઉજવણી બાદ 26 વર્ષીય શ્રમિકે આપઘાત કરી લેતાં ચકચાર મચી હતી. મૂળ છત્તીસગઢના કવર્ધા જિલ્લાના રહેવાસી લેકુરામ દેરહારામ કૌશીક અહીં અન્ય શ્રમિકો સાથે મજૂરી કામ કરતો હતો. વિશ્વકર્મા જયંતીની ઉજવણી દરમિયાન અન્ય શ્રમિકો સાથે નાચ્યા બાદ તે મોડી રાત્રે રૂમ પરત ફર્યો હતો.

પોલીસની પ્રાથમિક નોંધ મુજબ, મોડી રાત્રે નાચવા બાબતે પત્નીએ લેકુરામને ઠપકો આપ્યો હતો. આ બાબતે મનદુઃખ થતાં તે રૂમમાંથી બહાર નીકળી ગયો હતો અને ત્યારબાદ તેણે આત્યંતિક પગલું ભર્યું હતું. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં તેનું મોત નીપજ્યું હતું. મૃતકની પત્નીએ ઘટનાની જાણ વાગરા પોલીસને કરતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે અપમૃત્યુની નોંધ કરી તપાસ શરૂ કરી છે.

## સિંગણપોરમાં દારૂનો જથ્થો ઝડપાયો, બે આરોપી પકડાયા; ત્રણ વોન્ટેડ જાહેર

સુરત

સુરત શહેરના સિંગણપોર-ડભોલી પોલીસ સ્ટેશનની હદમાં SMC દ્વારા દરોડો પાડી રૂ.6,59,783ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. સિંગણપોર ગામમાં દસ છાપરી આગળ આવેલી ખુલ્લી જગ્યા તથા દરગાહ મહોલ્લામાં કૃપા રેસિડેન્સી પાસે આવેલી ઓરડીમાં કરાયેલી કાર્યવાહીમાં આશરે 55 પેટી, 2,143 બોટલ ઉપરાંત બે મોબાઈલ ફોન અને રોકડ સહિત કુલ રૂ.6,76,273નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

દરોડા દરમિયાન રાહુલ વામનરાવ લકડુ (આહીરે) અને શુભમ અજયભાઈ કશ્યપને ઝડપી પાડવામાં આવ્યા હતા. જ્યારે દિવ્યાબેન ઉર્ફે દિપુ જીતુભાઈ પાટીલ, જીતુભાઈ પ્રભાકરભાઈ પાટીલ તથા દારૂનો જથ્થો પૂરો પાડનાર એક ઈસમને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

## મહેસાણા બાયપાસ પર 91 પેટી દારૂ ઝડપાયો, એક આરોપી પકડાયો

મહેસાણા

મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનની હદમાં SMCએ દરોડો પાડી રૂ.10,13,544ની કિંમતનો ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડ્યો હતો. મહેસાણા બાયપાસ રોડ પર ઓસીયા મોલ સામે ડી-માર્ટ સર્કલ નજીક જાહેર રોડ પરથી આશરે 91 પેટી અને 3,372 બોટલ દારૂ-બીયર, એક વાહન, મોબાઈલ ફોન સહિત કુલ રૂ.20,43,544નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

દરોડા દરમિયાન નવરંગ ગલબાજી ભાટને ઝડપી પાડવામાં આવ્યો હતો. જ્યારે બિશ્નોઈ (રહે. સાંચોર, રાજસ્થાન), આનંદ રાવળ (રહે. સઠીયાળા, મહેસાણા) તથા દારૂના જથ્થા સાથે પકડાયેલી મહિન્દ્રા પીકઅપ બોલેરોના માલિક અને ફાસ્ટેગ ધારક સહિત ચાર આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

આ મામલે મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો છે. SMC દ્વારા કબજે કરાયેલા દારૂના જથ્થા, વાહન અને અન્ય મુદ્દામાલના આધારે સમગ્ર નેટવર્ક અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## જંબુસર-દેવલા માર્ગ પર ટાયર ફાટતાં ઇકો પલટી, મુસાફરોનો ચમત્કારિક બચાવ

જંબુસર

જંબુસર-દેવલા માર્ગ પર દોડતી ઈકો કારનું અચાનક ટાયર ફાટતાં ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બનેલી કાર રસ્તા પર પલટી મારી જતાં તેમાં સવાર મુસાફરો વાહનમાં ફસાઈ ગયા હતા. અકસ્મતની જાણ થતાં આસપાસના સ્થાનિકો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મહેનત કરીને વાહનમાં ફસાયેલા તમામ મુસાફરોને બહાર કાઢ્યા હતા. સમયસર સ્થાનિકોની મદદ મળતાં મોટી જાનહાનિ ટળી હતી. અકસ્મતને પગલે માર્ગ પર થોડા સમય માટે અફરાતફરી સાથે ટ્રાફિક પણ પ્રભાવિત થયો હતો.

## ભરૂચ: નર્મદા મૈયા બ્રિજ પર ટ્રેક્ટર-મોપેડ વચ્ચે અકસ્માત, મોપેડ ચાલક ગંભીર ઈજાગ્રસ્ત

ભરૂચ

ભરુચના નર્મદા મૈયા બ્રિજ પર ટ્રેક્ટર અને મોપેડ વચ્ચે અકસ્માત સર્જાતા મોપેડ ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. વ્યસ્ત બ્રિજ પર બનેલી ઘટનાને પગલે આસપાસના લોકો ઘટનાસ્થળે એકત્ર થઈ ગયા હતા અને ઈજાગ્રસ્તને મદદ માટે તાત્કાલિક પ્રયાસો હાથ ધરાયા હતા. અકસ્મતની જાણ થતાં 108 એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્ત મોપેડ ચાલકને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

---

### ગ્રામ પંચાયતો અને નગરપાલિકાઓ પર પાણીના બિલનું કરોડો રૂપિયાનું દેવું!

## ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનું નાણાકીય સંકટ

ગાંધીનગર



ગુજરાતના વિકાસના દાવાઓ વચ્ચે રાજ્યની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (Local Self-Government Bodies) ભારે આર્થિક કટોકટી અને નાણાકીય સંકટના વિષચક્રમાં હોમાઈ ગઈ છે. પ્રજાને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડતી ગ્રામ પંચાયતો અને નગરપાલિકાઓની આર્થિક સ્થિતિ દિન-પ્રતિદિન કથળી રહી છે, જેનું જવલંત ઉદાહરણ બાકી નીકળતા પાણીના દંડ અને વેરાના કરોડો રૂપિયાના આંકડાઓ પરથી સામે આવ્યું છે. રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં ઘરે-ઘરે પીવાનું પાણી પહોંચાડતી ગ્રામ પંચાયતો પોતે જ હવે દેવાના ડુંગર નીચે દબાઈ ગઈ છે. પ્રાપ્ત થયેલી સાચી વિગતો મુજબ, રાજ્યની વિવિધ ગ્રામ પંચાયતોનું પાણી પુરવઠા વિભાગ અને સંબંધિત બોર્ડને ચૂકવવાનું પાણી વેરાનું બાકી દેવું ૨૩૬ કરોડના આંકડાને પણ વટાવી ગયું છે. ગ્રામ્ય સ્તરે વેરાની નબળી વસૂલાત, અપૂરતી સરકારી અનુદાન (ગ્રાન્ટ) અને વીજ બિલ સહિતના વધતા ખર્ચાઓના કારણે પંચાયતો પોતાના પ્રાથમિક બિલ પણ ચૂકવી શકવાની સ્થિતિમાં રહી નથી.

બીજી તરફ, રાજ્યની શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ એટલે કે નગરપાલિકાઓની સ્થિતિ પણ કંઈ અલગ નથી. રાજ્યની આશરે ૧૫૨ જેટલી નગરપાલિકાઓ પર ૧૪૮ કરોડથી વધુનું પાણીનું બિલ બાકી બોલી રહ્યું છે. નગરપાલિકાઓ દ્વારા સ્થાનિક રહીશો પાસેથી વોટર ટેક્સ યોગ્ય રીતે વસૂલવામાં નિષ્ફળતા અને આવકના મર્યાદિત સ્ત્રોતોને કારણે વોટર સપ્લાય બોર્ડના બિલ ચૂકવવામાં ફાંફા પડી રહ્યા છે. બોટાદ, અંજાર, પાટણ અને પાલનપુર જેવી મોટા ગજાની પાલિકાઓ માથે કરોડો રૂપિયાના પાણી બિલની બાકીદારીઓ ચડી ગઈ છે. સ્થાનિક સ્વરાજ્યની આ સંસ્થાઓ પોતાનો દૈનિક વહીવટ ચલાવવા અને કર્મચારીઓના પગાર કરવા માટે પણ સરકારી લોન કે વિશેષ ગ્રાન્ટ પર નિર્ભર બની ગઈ છે. બાકી લેણાં ન ભરાવાને કારણે પાણી પુરવઠા વિભાગ પર પણ આર્થિક બોજ વધી રહ્યો છે.

## મહેસૂલ વિભાગના પોર્ટલ ઠપ્પ: ગુજરાતમાં જમીન-મિલકતના કરોડોના વ્યવહારો અટવાયા!!

ગાંધીનગર

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના અત્યંત મહત્વના ગણાતા ઓનલાઈન ડિજિટલ પોર્ટલોમાં અચાનક મોટી ટેકનિકલ ખામી સર્જાતાં સમગ્ર રાજ્યમાં જમીન, મિલકત અને ખેતીને લગતી ઓનલાઈન સેવાઓનો સંપૂર્ણ બંટો વળી ગયો છે. અનપેક્ષિત ટેકનિકલ ખામીના કારણે ઈ-ધરા (e-Dhara), iORA (ઇન્ટિગ્રેટેડ ઓનલાઇન રેવન્યુ એપ્લિકેશન) તેમજ ANYROR જેવા જનસંપર્ક ધરાવતા પોર્ટલ ઠપ્પ થઈ ગયા છે. જેના કારણે રાજ્યભરના ખેડૂતો, બિલ્ડરો, એડવોકેટો અને સામાન્ય નાગરિકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. મહેસૂલ વિભાગના જણાવ્યા અનુસાર, તાજેતરમાં જ ૩ સપ્ટેમ્બરથી ૬ સપ્ટેમ્બર દરમિયાન આ ત્રણેય મુખ્ય પોર્ટલોના અપગ્રેડેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ૬ સપ્ટેમ્બરે સેવાઓ પુનઃ શરૂ કરી દેવાઈ હોવાનો દાવો કરાયો હતો, પરંતુ અપગ્રેડેશન બાદ તુરંત જ અચાનક નવી અને જટિલ સર્વર સમસ્યાઓ ઊભી થતાં પોર્ટલ ફરીથી ઓફલાઈન કરવાની નોબત આવી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, આ ટેકનિકલ ક્ષતિઓ સુધારવામાં ગુરુવાર સુધીનો સમય લાગી શકે તેમ છે. હાલમાં NIC, ગુજરાત રાજ્ય ડેટા સેન્ટર અને nCodeની ટેકનિકલ ટીમો ૨૪ કલાક સતત સર્વર રીપેરિંગની કામગીરીમાં જોતરાયેલી છે.

---

### SMCનો સપાટો

## અંકલેશ્વરમાં સરગમ કોમ્પ્લેક્ષ પાસે ચાલતો વરલી મટકાનો અડ્ડો ધ્વસ્ત!!

અંકલેશ્વર



અંકલેશ્વરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર સવાલ ઉઠાવતી એક મોટી ઘટના સામે આવી છે. ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે અંકલેશ્વર શહેરના હૃદયસમા વિસ્તારમાં દરોડો પાડીને ચાલી રહેલા વરલી મટકાના ગોરખધંધાનો પર્દાફાશ કર્યો છે.

સ્થાનિક પોલીસના નાક નીચે ધમધમતા આ જુગારધામ પર SMCએ અચાનક ત્રાટકીને મહિલા સંચાલક સહિત કુલ ૮ લોકોની ધરપકડ કરી છે, જ્યારે બે રાઈટરો પોલીસને જોઈને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

મળતી માહિતી મુજબ, SMCની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે અંકલેશ્વરના સર્કલ ત્રણ રસ્તાથી ONGC ઓફિસ તરફ જતા માર્ગ પર આવેલા સરગમ કોમ્પ્લેક્ષ નજીક ખુલ્લા વિસ્તારમાં વરલી મટકાનો જુગાર રમાડવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે SMCના પોલીસ ઈન્સ્પેક્ટર જે.જે. ચાવડા અને તેમની ટીમે સરપ્રાઈઝ રેડનું આયોજન કર્યું હતું. પંચોની હાજરીમાં પાડવામાં આવેલા આ દરોડા દરમિયાન જુગારધામ પર અફરાતફરી મચી ગઈ હતી.

દરોડા દરમિયાન SMCની ટીમે સ્થળ પરથી મુખ્ય મહિલા સંચાલક ભારતીબેન જયંતીભાઈ વસાવા અને અન્ય ૭ ગ્રાહકો તથા સહયોગીઓને કોર્ડન કરીને ઝડપી લીધા હતા. જોકે, આંકડા લખવાનું કામ કરતા બે અજાણ્યા રાઈટરો પોલીસનો કાફલો જોઈને અંધારા અને ભીડનો લાભ ઉઠાવીને ભાગી છૂટવામાં સફળ રહ્યા હતા.

પકડાયેલા અન્ય આરોપીઓમાં મુસ્તાક મહમદ પટેલ, અજયકુમાર ગોપાલભાઈ સોની, સોકતઅલી જાફરઅલી સૈયદ, નિતેશ ચંદુભાઈ દેવીપૂજક, જય ભવરસિંહ રાઠોડ, મનસુખભાઈ નાતીયા પરમાર અને રિક્ષાચાલક દિલાવર અકબરસા દિવાનનો સમાવેશ થાય છે.

પોલીસે ઘટનાસ્થળેથી જુગારના અડ્ડા પરથી કુલ રૂ. ૯૪,૮૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. જેમાં: રોકડા રૂ. ૨૬,૮૫, રૂ. ૧૮,૦૦૦ની કિંમતના ૭ મોબાઈલ ફોન. રૂ. ૫૦,૦૦૦ની કિંમતની એક CNG ઓટો રિક્ષા મુખ્ય મહિલા આરોપી સામે અગાઉ પણ ૬ ગુના નોંધાયેલા છે.

### સફેદ દૂધમાં ઝેરનો કાળો કારોબાર

## નકલી દૂધ ડ્રગ્સ અને દારૂ કરતાં પણ વધુ ઘાતક, ભેળસેળિયાઓ આતંકવાદી જેવા!

**બાળકો અને વૃદ્ધોના શરીરમાં રોજેરોજ પધરાવાઈ રહ્યું છે 'ધીમુ ઝેર' | યુરિયા, વોશિંગ પાવડર, કોસ્ટિક સોડા અને પામ ઓઈલમાંથી બને છે નકલી દૂધ | કાયદાની છટકબારીઓ અને ભ્રષ્ટ તંત્રના લીધે કેમ છટકી જાય છે નરાધમ ભેળસેળિયા? | 'પાક્કો ગુજરાત'નો મોટો પર્દાફાશ!**

ગાંધીનગર

જે ભૂમિને આપણે 'શ્વેત ક્રાંતિ' અને દૂધના ઉત્પાદનમાં દેશનું ગૌરવ માનીએ છીએ, તે જ ગુજરાતમાં આજે દૂધના નામે 'ધીમું ઝેર' વેચવાનો રાક્ષસી કારોબાર ફૂલ્યો-ફાલેલો છે. સવારના પહોરમાં તમારા ઘરના દરવાજે આવતું કે ડેરીમાંથી ખરીદાતું દૂધ ખરેખર પૌષ્ટિક છે કે પછી કેમિકલનો પ્રાણઘાતક ઉકાળો? આ સવાલ આજે રાજ્યના દરેક નાગરિક માટે જીવન-મરણનો પ્રશ્ન બની ગયો છે.

ડ્રગ્સ કે દારૂનો શિકાર ચોક્કસ વર્ગ બને છે, પરંતુ નકલી દૂધનો શિકાર નવજાત શિશુથી લઈને પથારીવશ વૃદ્ધો સુધીનો આખો સમાજ બની રહ્યો છે. તેથી જ નકલી દૂધનો વેપાર કરનારા ભેળસેળિયાઓ કોઈ સાધારણ ગુનેગાર નથી, પરંતુ સમાજની નસોમાં ઝેર ઘોળનારા 'આર્થિક અને સામાજિક આતંકવાદીઓ' છે!

ખાદ્ય સુરક્ષા વિભાગના ચોંકાવનારા દરોડાઓમાં સામે આવ્યું છે કે ભેળસેળિયાઓ માર્કેટમાં દૂધની માંગ પૂરી કરવા અને વધુ નફો રળવા માટે કુદરતી દૂધના એક ટીંપા વગર કેમિકલ્સનું સામ્રાજ્ય ઊભું કરે છે:

શુદ્ધ દૂધ જેવા ફેટ અને એસએનએફ (SNF) લાવવા માટે યુરિયા, કોસ્ટિક સોડા, ડીટરજન્ટ પાવડર, સ્ટાર્ચ અને પામ ઓઈલ નો મુક્તપણે ઉપયોગ થાય છે.

દૂધમાં ઘાટાપણું અને સફેદ રંગ લાવવા માટે ઝેરી સિન્થેટિક કેમિકલ અને ફેવિકોલ જેવા પદાથો પણ ભેળવવામાં આવે છે! આવું નકલી દૂધ સતત પીવાથી નાની ઉંમરમાં બાળકોનું લીવર અને કિડની ફેલ થવા, કેન્સર જેવા અસાધ્ય રોગો થવા અને હૃદયરોગના હુમલા આવવાનું જોખમ સો ટકા વધી જાય છે. ગુજરાતમાં અવારનવાર હજારો લીટર નકલી દૂધ અને માવો પકડાય છે, પરંતુ થોડા જ દિવસોમાં આ કૌભાંડીઓ જેલમાંથી બહાર આવીને ફરીથી પોતાનો કાળો કારોબાર શરૂ કરી દે છે. આ પાછળના મુખ્ય કારણો: ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટ (FSSAI) હેઠળ મોટાભાગના કિસ્સાઓમાં ગુનાઓને જામીનપાત્ર અથવા માત્ર દંડ ભરીને છૂટી જવાય તેવા રાખવામાં આવ્યા છે. નમૂના લીધા પછી લેબોરેટરીનો રિપોર્ટ આવતા મહિનાઓ નીકળી જાય છે. ત્યાં સુધીમાં ભેળસેળિયાઓ પુરાવાઓ ગાયબ કરી દે છે.

---

## UPI પર એક નવો જવાબ અને જૂની અસ્પષ્ટતા: શું દેશના નાના અને મધ્યમ વેપારીઓ આ અર્થતંત્રનો ભાગ નથી?

### NPCI ના નવા નિયમથી ગ્રાહકો સુરક્ષિત, પણ શું વેપારીઓ પીસાશે? 2,000થી વધુના ટ્રાન્ઝેક્શન પર 0.4% MDR નો દંડો: જાણો વાસ્તવિકતા અને દાવા પાછળનું સત્ય!

ગાંધીનગર

અત્યાર સુધી જે દેશમાં 'ડિજિટલ ઈન્ડિયા' ના નામે ચા-પકોડીની લારીથી લઈને મોટો મોલ સુધી UPI નો ફેલાવો કરવામાં આવ્યો, ત્યાં અચાનક એક એવો નિર્ણય આવ્યો છે જેણે વેપારી આલમમાં ખળભળાટ મચાવી દીધો છે. 'નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા' (NPCI) દ્વારા તાજેતરમાં આપેલા સ્પષ્ટ વિગતો મુજબ ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬થી UPI ટ્રાન્ઝેક્શન પર નવો 'મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ' (MDR) લાગુ થવા જઈ રહ્યો છે.

સરકારે અને NPCI એ સ્પષ્ટ કહી દીધું છે કે 'ગ્રાહકો માટે UPI ૧૦૦% મફત રહેશે.' પણ સવાલ એ ઊભો થાય છે કે - જ્યારે ગ્રાહક ફ્રીમાં સ્કેન કરશે, તો તેનો બોજ કોના માથે પડશે? શું આ દેશના નાના-મધ્યમ વેપારીઓ આ અર્થતંત્રનો ભાગ નથી?

તમામ અફવાઓ અને ભ્રમ વચ્ચે સાચો નિયમ સમજી લેવો જરૂરી છે: ગ્રાહકો અને P2P (માણસથી માણસ): તમે તમારા મિત્ર કે પરિવારને ગમે તેટલા પૈસા મોકલો, ૧ પણ ચાર્જ લાગશે નહીં. ૨,૦૦૦ થી ઓછા પેમેન્ટ પર zero ચાર્જ: શાકભાજી, ચા-નાસ્તો કે ૨,૦૦૦ થી નીચેની ખરીદી પર વેપારી કે ગ્રાહક કોઈને ચાર્જ નથી લાગવાનો.

૨,૦૦૦ થી વધુના પેમેન્ટ પર ૦.૪% ચાર્જ (MDR): મોટા અને વ્યાપારી એકમો (P2M) પર ૨,૦૦૦થી ઉપરના ટ્રાન્ઝેક્શન પર ૦.૪% ચાર્જ લાગશે (મહત્તમ મર્યાદા ૩૦૦).

નાના વેપારીઓ માટે મર્યાદા (P2PM): જે નાના વેપારી કે લારીધારકો મહિને કુલ ૧ લાખ સુધીનું કલેક્શન UPI થી મેળવે છે તેમને ચાર્જમાંથી મુક્તિ છે.

ઘાતક વિશ્લેષણ: તો પછી વિરોધ અને ચિંતા કેમ?

કાગળ પર આ નિયમો ખુબ સુંદર અને 'નાના વેપારીઓના હિતમાં' લાગે છે, પરંતુ જમીની વાસ્તવિકતા કંઈક જુદી જ છે: ૧ લાખની મર્યાદા આજના જમાનામાં શું છે?

પાક્કો ગુજરાત

રવિવાર | 20 સપ્ટેમ્બર 2026 | અમદાવાદ

### 'ગ્રામ્ય સુરક્ષા કવચ યોજના' (GSKY) હેઠળ બિનહથિયારી PSIની ફાળવણી થશે

# ગ્રામીણ સુરક્ષા મજબૂત કરવા ગૃહ વિભાગનો નિર્ણય: 200 નવી PSIની જગ્યાઓ ઊભી કરવા લીલી ઝંડી..!!




**ગાંધીનગર**

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સઘન બનાવવા અને ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાને નવી ઊંચાઈએ લઈ જવાના હેતુથી ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ગૃહ વિભાગે 'ગ્રામ્ય સુરક્ષા કવચ યોજના' (GSKY) હેઠળ બિનહથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર (Unarmed PSI) ની ૨૦૦ નવી જગ્યાઓ ઊભી કરવાની સત્તાવાર મંજૂરી આપી દીધી છે. ગૃહ વિભાગના ૨૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ મંજૂર કરાયેલા પત્રના આધારે આ દરખાસ્તને આખરી મહોર મારવામાં આવી છે. ગૃહ વિભાગના આ નિર્ણયથી એકતરફ જ્યાં ગ્રામીણ વિસ્તારોમાં પોલીસ સેવાઓ વધુ ઝડપી અને બહેતર બનશે, તો બીજી તરફ લાંબા સમયથી ખાખી વર્દી પહેરવાનું સ્વપ્ન જોઈ રહેલા અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા હજારો યુવાનો માટે રોજગારીના નવા દ્વાર ખુલ્યા છે. અત્યાર સુધી રાજ્યના મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ સ્ટેશનો હેઠળ આવેલી 'આઉટ પોસ્ટ' પર પૂરતા પ્રમાણમાં ઉચ્ચ અધિકારીઓની અછત જોવા મળતી હતી. પરંતુ આ ૨૦૦ નવી જગ્યાઓની ફાળવણી સીધી આઉટ પોસ્ટ્સ પર કરવામાં આવશે. આનાથી નીચે મુજબના મુખ્ય ફાયદાઓ થશે: ઝડપી ગુના તપાસ: ગ્રામ્ય સ્તરે બનતા ગુનાઓની તપાસમાં હવે બિનહથિયારી PSI કક્ષાના અધિકારીઓ સીધા સ્થળ પર હાજર રહી શકશે, જેનાથી તપાસ પ્રક્રિયા ઝડપી બનશે. નાગરિકોની સુવિધા: ગ્રામીણ નાગરિકોએ નાની-મોટી ફરિયાદ કે કાનૂની મદદ માટે તાલુકા કે જિલ્લા મથકે આવેલા મુખ્ય પોલીસ સ્ટેશનો સુધી ધક્કા ખાવા નહીં પડે.

### ગુજરાત HCનો ઐતિહાસિક અને ચુકાદો

## રેવન્યૂ રેકોર્ડમાંથી નામ હટાવી દેવાથી મહિલાનો 'ખેડૂત' તરીકેનો જન્મસિદ્ધ હક છીનવાઈ જતો નથી!

**અમદાવાદ**

મહિલાઓના જમીન અને સંપત્તિના અધિકારો પર તરાપ મારતા તંત્ર અને કૌટુંબિક છેતરપિંડીઓ સામે ગુજરાત હાઈકોર્ટે એક અત્યંત મહત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. એક દાયકા જૂના રેવન્યૂ આદેશને રદ કરતાં હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં ચુકાદો આપ્યો છે કે માત્ર સરકારી રેવન્યૂ રેકોર્ડમાંથી નામ હટાવી દેવાથી કે ઓછું કરી દેવાથી કોઈ પણ મહિલાનો 'ખેડૂત' તરીકેનો કાયદેસર દરજ્જો ક્યારેય સમાપ્ત થતો નથી. પોરબંદરના જસુમતી દસાણી નામના મહિલાના કાનૂની જંગમાં ચુકાદો આપતાં હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું કે, દીકરીના લગ્ન થઈ ગયા હોય કે પછી પરિવારના જમીન રેકોર્ડમાંથી છેતરપિંડીપૂર્વક તેનું નામ કાઢી નાખવામાં આવ્યું હોય, તેમ છતાં ખેડૂતની દીકરી તરીકેનો તેનો કાયદેસર હક અને ખેડૂત ખરાઈનો દરજ્જો જન્મથી જ જળવાઈ રહે છે.

પોરબંદરના જસુમતીબેન દસાણીનો આ કેસ વર્ષોથી સરકારી કચેરીઓ અને કોર્ટના ચક્કરમાં અટવાયેલો હતો. વર્ષ ૨૦૧૬માં પોરબંદર કલેક્ટર દ્વારા એક રેવન્યૂ આદેશ આપીને જસુમતીબેનનો ખેડૂત તરીકેનો દરજ્જો અને જમીન સંબંધિત એન્ટ્રીઓ રદબાતલ ઠેરવવામાં આવી હતી.

રેવન્યૂ તંત્ર દ્વારા એવો તર્ક રજૂ કરવામાં આવ્યો હતો કે પેઢીનામા કે જમીન રેકોર્ડમાંથી નામ કમી થઈ ગયું હોવાથી કે લગ્ન થઈ ગયા હોવાથી ખેડૂતના વારસદાર તરીકેનો હક સમાપ્ત થઈ જાય છે.

### ડભોઇમાં માત્ર 1 ઇંચ વરસાદમાં જ પોલંપોલ!

## મહુડી ભાગોળ પાસે ગોઠણસમા પાણી ભરાતા તંત્રની પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરા : વેપારીઓ અને સ્થાનિકોમાં ભારે આક્રોશ!!

**ડભોઇ**

ડભોઇ પંથકમાં તાજેતરમાં નોંધાયેલા માત્ર ૨૩ મિમી (આશરે એક જ ઇંચ) જેટલા સામાન્ય વરસાદે ડભોઇ નગરપાલિકા વહીવટી તંત્રના પ્રી-મોન્સૂન પ્લાનિંગ અને મોટો-મોટો દાવો કરતી કામગીરીના ચીથરા ઉડાવી દીધા છે. માત્ર એક ઇંચ વરસાદ પડતાંની સાથે જ નગરના મુખ્ય ગણાતા મહુડી ભાગોળ બહાર અને રાણાની હોટલ આસપાસના રસ્તાઓ પર ગોઠણસમા પાણી ભરાઈ ગયા છે. તંત્રની કાગળ પરની કામગીરીના કારણે આજે સ્થાનિક રહીશો અને વેપારીઓ નરકાગાર જેવી સ્થિતિ ભોગવવા મજબૂર બન્યા છે.



સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટેની યોગ્ય ગટર કે ડ્રેનેજ વ્યવસ્થા જ નથી. પરિણામે, જ્યારે પણ સામાન્ય વરસાદ પડે છે ત્યારે દિવસો સુધી પાણી ભરાયેલા રહે છે. વરસાદ થમ્યા બાદ પણ ૪ થી ૫ દિવસ સુધી પાણી ન ઓસરતા આખો વિસ્તાર બેટમાં ફેરવાઈ જાય છે. ગંદા અને દૂષિત પાણી એકઠા થઈ રહેવાને કારણે મચ્છરોનો ઉપદ્રવ ચરમસીમાએ પહોંચ્યો છે, જેના કારણે ડેન્ગ્યૂ, મલેરિયા અને ચિકનગુનિયા જેવા સંગ્રહિત પાણીથી ફેલાતા રોગચાળાનો ભય લોકોના માથે તોળાઈ રહ્યો છે. રાણાની હોટલ નજીક આવેલા મુખ્ય શોપિંગ વિસ્તારો અને દુકાનોની બહાર જળબંબાકારની સ્થિતિ સર્જાતા ગ્રાહકોએ આ તરફ આવવાનું જ બંધ કરી દીધું છે. પરિણામે સ્થાનિક વેપારીઓના ધંધા-રોજગાર સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયા છે. મોંઘા ભાડા અને ટેક્સ ભરતા વેપારીઓને રોજેરોજ મોટો આર્થિક ફટકો સહન કરવાનો વારો આવ્યો છે. આ ઉપરાંત, ઊંડા પાણીમાંથી પસાર થવા જતાં અનેક વાહનચાલકોના વાહનો બંધ પડી જવા અને સ્લિપ થઈ જવાના બનાવો પણ રોજિંદા બન્યા છે. ડભોઇ નગરપાલિકામાં આ ગંભીર સમસ્યા અંગે વિસ્તારના રહીશો અને વેપારી મંડળ દ્વારા અનેક વખત લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી ચૂકી છે. છતાં, તંત્રના પેટનું પાણી હલતું નથી. સ્થાનિક વહીવટી તંત્રની આ ઘોર ઉદાસીનતા અને બેદરકારી સામે નગરજનોમાં ભારે આક્રોશ વ્યાપી ગયો છે.

### 'મિસ્ટર શૂઝ'માંથી 'પ્યુમા' કંપનીના ડુપ્લિકેટ જૂતાનો જથ્થો!

## સુરતના વરિયાવી બજારમાં બ્રાન્ડેડ બ્રાન્ડના નામે નકલીનો કારોબાર ઝડપાયો

**સુરત**

ડાયમંડ અને ટેક્સટાઈલ સિટી સુરતમાં હવે બ્રાન્ડેડ કંપનીઓના નામે નકલી માલ વેચી ગ્રાહકોને ચૂનો ચોપડતી વેપારી ટોળકીઓ બેફામ બની છે. સુરતના અતિ ધમધમતા વરિયાવી બજાર મેઈન રોડ પર આવેલી 'મિસ્ટર શૂઝ' (Mr. Shoes) નામની દુકાનમાં આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ 'પ્યુમા' (PUMA) ના નકલી અને હલકી ગુણવત્તાવાળા જૂતા તેમજ ચંપલ વેચવાનું મોટું કૌભાંડ સામે આવ્યું છે.

કંપનીના સત્તાવાર પ્રતિનિધિઓ અને પોલીસના દરોડામાં નકલી લોગો લગાડેલો ડુપ્લિકેટ શૂઝનો મોટો જથ્થો ઝડપાઈ જતાં સમગ્ર બજારના વેપારી આલમમાં ભારે સન્નાટો અને ખળભળાટ મચી ગયો છે.

મળતી માહિતી મુજબ, વરિયાવી બજાર સ્થિત 'મિસ્ટર શૂઝ' નો સંચાલક/વેપારી સ્થાનિક સ્તરે કે બહારથી અત્યંત હલકી ગુણવત્તાના સાદા




જૂતા અને ચંપલ મંગાવતો હતો. ત્યારબાદ તેના પર નામચીન ઈન્ટરનેશનલ બ્રાન્ડ 'પ્યુમા' નો બનાવટી લોગો અને ટેગ લગાવી દેવામાં આવતા હતા.

બ્રાન્ડેડના ભાવે હલકો માલ: ગ્રાહકોને આ જૂતા અસલી પ્યુમા કંપનીના હોવાનું કહીને ઊંચી કિંમતે પધરાવી દેવામાં આવતા હતા.

કંપનીની ટીમનો દરોડો: પ્યુમા કંપનીની બ્રાન્ડ પ્રોટેક્શન ટીમ અને કોપીરાઈટ એજન્સીને સુરતની આ દુકાનમાં નકલી માલ વેચાતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે દરોડો પાડતાં જ કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

વેપારી સામે ગુનો દાખલ: પોલીસની કડક કાર્યવાહી

દરોડા દરમિયાન દુકાનમાંથી મોટી સંખ્યામાં પ્યુમા કંપનીના બનાવટી લોગો ધરાવતા ડુપ્લિકેટ જૂતા અને ચંપલનો જથ્થો કબ્જે કરવામાં આવ્યો છે. આ મામલે કંપનીના અધિકૃત અધિકારીની ફરિયાદના આધારે સ્થળ પરથી નકલી માલ વેચતા દુકાનદાર/વેપારી સામે કોપીરાઈટ એક્ટ અને ચીટિંગની વિવિધ કલમો હેઠળ સત્તાવાર ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોલીસે સમગ્ર જથ્થો સીલ કરીને આ નકલી માલ ક્યાંથી સપ્લાય થતો હતો અને આ સિન્ડિકેટમાં અન્ય કેટલા વેપારીઓ સંકળાયેલા છે તે દિશામાં ઘનશ્યામ તપાસ હાથ ધરી છે.

### છેલ્લા એક વર્ષથી ઇ-ગ્રામ પંચાયતોને કમિશન ન મળતાં વીજ બિલની વસૂલાત પર અસર

## શિનોરમાં વીજ બિલ ભરવામાં ગ્રાહકો પરેશાન: VCE દ્વારા બિલ ઉઘરાવવાનું બંધ

**સાધલી, હસમુખ પટેલ**

શિનોર મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તાલુકાના હજારો ગ્રાહકોને સ્માર્ટ મીટર બન્યા પછી દર મહિને અને જુના મીટરો વાળાને બે મહિને વીજ વપરાશનું બિલ આપવામાં આવે છે. અને ગ્રાહકો ગામ બેઠા સહેલાઈથી વી.સી.ઈ.ને લાઈટ બિલ આપીને પાવતી લેતા હતા. પરંતુ આ વી.સી.ઈ.ને છેલ્લા એક વર્ષથી સરકાર દ્વારા કમિશનના નાણા અપાતા ના હોવાના કારણે આ શિનોર તાલુકાના તમામ વી.સી.ઈ. દ્વારા લાઈટ બિલો ની રકમ ઉઘરાવવાનું બંધ કરાતાં તાલુકાના હજારો ગ્રાહકો મુશ્કેલીમાં મુકાયા છે. અગાઉ વીજ કંપની ઇ-ગ્રામ ગાંધીનગર મુકામે કમિશનના નાણાં નિયમિત આપતી હતી અને ઈ- ગ્રામ ગાંધીનગર દ્વારા વડોદરા જિલ્લા પંચાયતમાં આ કમિશનના નાણાં જમા થતા હતા અને જિલ્લા પંચાયત દ્વારા વી.સી.ઈ. ને તેમના ખાતામાં જમા આપવામાં આવતા હતા. પરંતુ છેલ્લા એક વર્ષથી ઈ ગ્રામ ગાંધીનગર દ્વારા કે પછી વડોદરા જિલ્લા પંચાયત દ્વારા કમિશનના નાણાં ઈ-ગ્રામ પંચાયતને આપવામાં આવતા નથી અને જેના કારણે આ વી.સી.ઈ .ઓ દ્વારા સમગ્ર તાલુકામાં લાઈટ બિલો




ઉઘરાવવાનું સદંતર બંધ કરતા ગ્રાહકો મુશ્કેલીમાં મુકાયા છે. છેલ્લા એક વર્ષથી આ વી.સી.ઈ દ્વારા સ્વખર્ચે પોતાના લેપટોપ ઉપર, પોતાનું નેટ વાપરીને અને પોતાના કાગળો વાપરીને નાણાં ભર્યા ની પહોંચ ગ્રાહકોને આપવામાં આવતી હતી, આમ તેઓને આ સ્ટેશનરી ઉપરાંત અન્ય ખર્ચો પોતાના પોકેટ માંથી કરવો પડતો હતો, છતાં પણ ગ્રાહકોના હિત માટે તેઓએ માર સહન કામગીરી કરતા હતા, પરંતુ એક વર્ષ સુધી કમિશન ના આવતા ના છૂટકે તેઓએ લાઈટ બિલો લેવાનો બંધ કરતાં સમગ્ર શિનોર તાલુકાના ગ્રાહકો મુશ્કેલીમાં મુકાયા છે.

## ઉપલેટાના કોલકી ગામેથી LCBએ વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો : 77,671નો મુદ્દામાલ જપ્ત

**રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લામાં દારૂ-જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સદંતર નાબૂદ કરવા અંગે રાજકોટ રેન્જ આઈજી નિલિપ્ત રાય તથા જિલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જર દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચ રાજકોટ ગ્રામ્યની ટીમે બાતમીના આધારે સફળ રેડ પાડી ઉપલેટા પોલીસ સ્ટેશન વિસ્તારના કોલકી ગામમાંથી પરપ્રાંતીય ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડયો હતો.

ઘટનાની વિગત મુજબ, એલસીબી શાખાના સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે કોલકી ગામ ગૌશાળા પ્લોટ વિસ્તારમાં આવેલ ભરતભાઈ રામભાઈ કેશવાલાના કબ્જા ભોગવટાના વાડાની ઓરડીમાં રેડ કરવામાં આવી હતી. આ ઓરડીમાં પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે રાખવામાં આવેલી અલગ-અલગ બ્રાન્ડની સીલપેક બોટલો નંગ-૧૩૧ (કિંમત રૂ.૭૨,૬૭૧/-) તથા રૂ.૫,૦૦૦/- ની કિંમતનો એક મોબાઈલ ફોન મળી કુલ રૂ.૭૭,૬૭૧/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો છે.

### જ્ઞાનના ધામમાં વિજ્ઞાન ગાયબ અને અંધશ્રદ્ધાનું સામ્રાજ્ય!

## શિક્ષકોની ભારે અછત, જર્જરીત ઓરડા અને કાઉન્સિલિંગનો અભાવ

**ગાંધીનગર**

એક તરફ દેશને 'વિશ્વગુરુ' બનાવવાના અને 'ડિજિટલ ઈન્ડિયા'ના મોટા-મોટા દાવાઓ વારંવાર મંચ પરથી કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ ગુજરાતના આદિવાસી પટ્ટાની સરકારી શાળાઓમાંથી આવતા દ્રશ્યો શિક્ષણ વ્યવસ્થાની ક્રૂર મજાક ઉડાવી રહ્યા છે. અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, નર્મદા કે ડાંગ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી બાળકીઓ અને બાળકો અચાનક ચીસો પાડીને ધૂણવા લાગવાના (માસ હિસ્ટિરીયા - Mass Hysteria) કિસ્સાઓ સમયાંતરે સામે આવી રહ્યા છે. જે શાળાઓમાં બાળકોના હાથમાં કમ્પ્યુટર, વિજ્ઞાનના પુસ્તકો અને તર્કસંગત વિચારો હોવા જોઈએ, ત્યાં અંધશ્રદ્ધા, ભુવા-ભારાડીઓ અને તાંત્રિક વિધિઓની વાતો ચર્ચાનો વિષય બને તે આપણી શિક્ષણ નીતિ અને રાજકીય ઈચ્છાશક્તિ સામે ખુલ્લો સવાલ ઊભો કરે છે.

તબીબી અને મનોવૈજ્ઞાનિક ક્ષેત્રના નિષ્ણાતોના મતે, આ કોઈ 'દેવી-દેવતાનો પ્રકોપ' કે 'ભૂત-પ્રેતનો વળગાડ' નથી, પરંતુ વિજ્ઞાનની ભાષામાં તેને 'માસ સોમેટોફોર્મ ડિસઓર્ડર' (Mass Hysteria) કહેવામાં આવે છે.

માનસિક તણાવ અને કુપોષણ: આદિવાસી વિસ્તારોના ગરીબ પરિવારોમાંથી આવતા બાળકોમાં પોષણનો અભાવ, લોહીની સખત કમી (એનિમીયા) અને ભય કે તણાવનું વાતાવરણ આ સ્થિતિનું મુખ્ય કારણ બને છે.

એકબીજાને જોઈને વર્તન અનુકરણ: જ્યારે શાળામાં એક બાળકી તણાવ કે ગભરાટના કારણે બેભાન થાય કે વિચિત્ર વર્તન કરે, ત્યારે તેને જોઈને અન્ય બાળકો પણ ભયભીત થઈને તેવું જ વર્તન કરવા લાગે છે.

વૈજ્ઞાનિક રીતે આનું નિવારણ યોગ્ય આહાર, મનોવૈજ્ઞાનિક કાઉન્સિલિંગ અને જાગૃતિ છે. પરંતુ અફસોસની વાત એ છે કે તંત્ર અને સ્થાનિકો અંધશ્રદ્ધાના દળદળમાં ફસાઈને ભુવાઓ બોલાવે છે!

આદિવાસી બેલ્ટની શાળાઓમાં બાળકોના આ પ્રકારના વર્તન પાછળ માત્ર અંધશ્રદ્ધા જવાબદાર નથી, પરંતુ શિક્ષણ માળખાની નિષ્ફળતા જવાબદાર છે.

## શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં એમજીવીસીએલની ટીમે રેડ કરી 7.82 લાખની વીજચોરી ઝડપી

**શહેરા**

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં પાછલા સમયથી વીજચોરીની વ્યાપક બુમો પડતી હતી. એમજીવીસીએલની વીજીલીયન્સ અને સ્થાનિક ટીમે સંયુક્ત રેડ કરતા વીજચોરી કરનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. એમજીવીસીએલ દ્વારા રેડ દરમ્યાન 7.82 લાખની વીજચોરી પકડી પાડવામાં આવી છે. આ મામલે કાયદેસરની કાર્યવાહી કરીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં એમજીવીસીએલની વીજીલીન્સ તેમજ સ્થાનિક વિભાગીય કચેરીની ટીમે સંયુક્ત રીતે ગ્રામીણ વિસ્તારમાં વીજચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં તપાસ દરમિયાન વીજથાંભલા પરથી સીધી વીજ ચોરી દ્રશ્યો સામે આવ્યા હતા. તાલુકામાં આવેલા કોઠા, મહેલાણ, અને પાનમ ફીડરમાં સમાવીશ ગામો નાંદરવા, મીરાપુર, ગાંગડીયા, સાજીવાવ, મહેલાણ, પાલીખંડા, હાંસાપુર, લાભી, સહિતના ગામોમાં વીજચોરી પકડી પાડવામાં આવી હતી. એમજીવીસીએલની 13 જેટલી ટીમે તપાસ હાથ ધરી હતી. 455 સ્થાનો પર વીજ તપાસ કરવામાં આવ્યું હતું. 52 જેટલી વીજચોરી પકડી પાડવામાં આવી હતી. તપાસ દરમિયાન 7.82 લાખની વીજચોરી પકડી પાડવામાં આવી હતી. વીજચોરી કરનારાઓ સામે કાયદેસરની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી. એમજીવીસીએલની રેડને પગલે વીજચોરી કરનારાઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

### હકની લડાઈ લડતા ખેડૂતો સામે ખાખીનો સિકંજો

## PM મોદીના જન્મદિવસે જેતપુરમાં વિરોધનો અગ્નિજ્વાળા: જેતપર ગામે પૂતળાદહન મામલે 21 ખેડૂતો સામે પોલીસ ફરિયાદ!

**રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસે જ્યાં એકતરફ ઉજવણી અને કાર્યક્રમોનો માહોલ હતો, ત્યાં બીજી તરફ રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના જેતપર ગામે ખેડૂતો અને સ્થાનિકો દ્વારા વિરોધ પ્રદર્શન કરીને પૂતળાદહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પોતાના પડતર પ્રશ્નો, ખેતીના પ્રશ્નો અને તંત્રની નીતિઓ સામે અવાજ ઉઠાવનાર ખેડૂતો સામે હવે પોલીસ તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. આ પૂતળાદહન મામલે પોલીસે ૨૧ જેટલા લોકો સામે નામજોગ અને અન્ય સામે સત્તાવાર ફરિયાદ દાખલ કરી દેતાં સમગ્ર પંથકના રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. પોલીસની આ કાર્યવાહી બાદ જેતપર અને આસપાસના ગ્રામીણ વિસ્તારોમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ છે અને ખેડૂત



આલમમાં આક્રોશનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે. જેતપર ગામના ખેડૂતો લાંબા સમયથી પાક વીમો, સિંચાઈનું પાણી, વીજળી અને કૃષિ ઉત્પાદનોના યોગ્ય ભાવ જેવા અતિ મહત્વના પ્રશ્નો અંગે તંત્ર પાસે રજૂઆતો કરી રહ્યા હતા. પરંતુ, વારંવારની રજૂઆતો છતાં કોઈ ઉકેલ ન આવતા આખરે કંટાળેલા ખેડૂતોએ પીએમ મોદીના જન્મદિવસે પોતાનો વિરોધ નોંધાવવા માટે જેતપર ગામે પૂતળાદહનનો કાર્યક્રમ યોજ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો હરકતમાં આવ્યો હતો અને શાંતિ ડહોળવા તેમજ ગેરકાયદેસર મંડળી રચવા સહિતની કલમો હેઠળ કુલ ૨૧ લોકો સામે એફઆઈઆર (FIR) નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ ફરિયાદ નોંધાયા બાદ આક્રોશિત થયેલા ખેડૂતો અને સ્થાનિક અગ્રણીઓએ 'પાક્કો ગુજરાત' સામે પોતાનો પક્ષ રાખતા અત્યંત ગંભીર અને સનસનાટીભર્યા નિવેદનો આપ્યા છે: ખેડૂતોએ રોષપૂર્વક જણાવ્યું કે, 'અમે અમારો હક માંગી રહ્યા છીએ. ખેતરમાં પરસેવો પાડતો ખેડૂત જ્યારે આત્મહત્યાના આરે પહોંચે ત્યારે તેની વાત સાંભળવા કોઈ નથી આવતું. અમે કોઈ દેશદ્રોહી કે ગુનેગાર નથી કે અમારી સામે આટલી ઉતાવળે ૨૧-૨૧ લોકો પર એફઆઈઆર નોંધી દેવામાં આવે!'

## વડોદરામાં મહિલા મિત્ર જ બની રાવણ! અશ્લીલ વીડિયો ઉતારી દેહવ્યાપારમાં ધકેલવાનો સનસનાટીભર્યો પ્રયાસ!

**વડોદરા**

સંસ્કારી નગરી વડોદરાને શરમસાર કરતી અને મહિલા સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા કરતી એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. શહેરના નાગરવાડા વિસ્તારમાં રહેતી એક મહિલાને તેની જ મહિલા મિત્ર દ્વારા વિશ્વાસમાં લઈ, શહેરની બહાર લઈ જઈ અશ્લીલ વીડિયો બનાવી લેવામાં આવ્યો હતો. આ વીડિયોના આધારે પીડિતાને બ્લેકમેલ કરીને દેહવ્યાપારના કૂટણખાનામાં ધકેલવાનો નીચ પ્રયાસ કરવામાં આવ્યો હોવાના ગંભીર આક્ષેપોથી વડોદરા શહેરના પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. પીડિત મહિલાએ આ અમાનવીય અને ગેરકાયદે માંગણી ફગાવી દેતાં, આરોપી મહિલા મિત્ર અને તેના સાગરીતોએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને પીડિતા પર જાનલેવા હુમલો કરી દીધો હતો.

મળતી વિગતો મુજબ, નાગરવાડા વિસ્તારમાં રહેતી પીડિત મહિલાને તેની મહિલા મિત્ર બહાનું બતાવીને શહેરની બહાર લઈ ગઈ હતી. ત્યાં અગાઉથી ગોઠવાયેલા કાવતરા મુજબ પીડિતાનો અશ્લીલ વીડિયો ઉતારી લેવામાં આવ્યો હતો. આ વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને મહિલા મિત્રએ પીડિતા પર દેહવ્યાપારના દળદળમાં ધકેલાવા માટે ભારે દબાણ કર્યું હતું. પરંતુ પીડિત મહિલાએ પોતાની ઈજ્જત અને સ્વમાન ખાતર આ ગંદી માંગણીનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો.

## તંત્રી લેખ...

### ગુજરાતમાં શિક્ષણનું ધનોતપનોત! 7 આયુર્વેદિક કોલેજોની માન્યતા રદ થતાં શૈક્ષણિક જગતમાં ખળભળાટ

# ભાજપ સરકારની શિક્ષણ નીતિ પર ગંભીર સવાલો

ગુજરાતમાં કહેવાતા 'રોજગાર' અને 'ગતિશીલ મોડેલ'ની પાછળ શિક્ષણ ક્ષેત્રે ચાલી રહેલા કૌભાંડોનો ભોપાળો વધુ એક વખત ઉઘાડો પડ્યો છે. રાજ્યની ૭ જેટલી આયુર્વેદિક કોલેજોમાં નિયમોના સરાજાહેર ધજાગરા ઉડાવીને ચલાવવામાં આવતી ગંભીર અનિયમિતતાઓ અને કૌભાંડોને પગલે તેમની માન્યતા રદ કરી દેવામાં આવી છે. આ નિર્ણયથી સેંકડો નિર્દોષ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓનું ભવિષ્ય અંધકારમય બની ગયું છે, જેના કારણે શિક્ષણ જગત સહિત સમગ્ર રાજ્યમાં વ્યાપક આક્રોશ ફાટી નીકળ્યો છે.

શું આ છે 'ગતિશીલ ગુજરાત'નું કડવું સત્ય?

શિક્ષણ વિભાગ અને સરકારની નાક નીચે ખાનગી અને કૌભાંડી કોલેજો ફાટીને ધુમાડે ગઈ છે. રાજ્ય સરકાર તરફથી શિક્ષણ ક્ષેત્રે મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ગુજરાતમાં શિક્ષણનો વેપાર થઈ રહ્યો છે. આયુર્વેદિક કોલેજોમાં પૂરતો સ્ટાફ ન હોવો, જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કે હોસ્પિટલની સુવિધાઓનો અભાવ હોવો અને છતાં વર્ષો સુધી આવી સંસ્થાઓને ચાલવા દેવી–આ બાબત દર્શાવે છે કે શિક્ષણ વિભાગનું સુપરવિઝન સાવ નપુંસક અને ભ્રષ્ટ બની ચૂક્યું છે.

શિક્ષણ મંત્રી અને સરકાર સામે ઉઠતા તીખા પ્રશ્નો




વિદ્યાર્થીઓના ભવિષ્યની કબર કોણે ખોદી?: લાખો રૂપિયાની ફી ભરીને આયુર્વેદનું ભણતર ભણતા માસૂમ વિદ્યાર્થીઓનો વાંક શું? કોલેજોની માન્યતા રદ થયા બાદ તેમના વર્ષો અને નાણાંનું વળતર કોણ આપશે?

શિક્ષણ મંત્રી ક્યાં ઊંઘે છે?: રાજ્યના શિક્ષણ મંત્રી અને વિભાગીય અધિકારીઓને આવી કૌભાંડી કોલેજો સામે અગાઉથી કોઈ માહિતી કેમ ન મળી? શું આટલા સમય સુધી આંખ આડા કાન કરવામાં આવ્યા હતા?

ભ્રષ્ટ સંચાલકો સામે જેલવાસની કાર્યવાહી ક્યારે?: માત્ર કોલેજની માન્યતા રદ કરી દેવાથી સંતોષ માનવાને બદલે વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખિલવાડ કરનારા સંચાલકો અને લાયસન્સ આપનારા ભ્રષ્ટ અધિકારીઓ સામે ફોજદારી ગુના નોંધી કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે કે કેમ?

જનતા અને વાલીઓમાં ભારે રોષ

શિક્ષણના નામે ચાલતી આવી દુકાનો અને સરકારી ઉદાસીનતાને કારણે રાજ્યની જનતામાં ભાજપ સરકારની શિક્ષણ નીતિ સામે તીવ્ર આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકમુખે ચર્ચા થઈ રહી છે કે રાજ્યમાં શિક્ષણનું સ્તર સુધારવાને બદલે કૌભાંડીઓને મોકળું મેદાન આપી દેવાયું છે. જો સરકારી અને શૈક્ષણિક તંત્ર આ કૌભાંડો સામે કાયમી અને નક્કર પગલાં નહીં ભરે, તો આવનારી પેઢીનું ભવિષ્ય તબાહ થઈ જશે. તંત્ર અને શિક્ષણ વિભાગે આ ઘટના પરથી બોધપાઠ લઈને તમામ પ્રાઈવેટ કોલેજોનું કડક ઓડિટ કરવું અત્યંત જરૂરી બન્યું છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# દેશને ધ્રૂજાવી દેનાર 'દ્રશ્યમ' શૈલીનો સાચો કેસ: બુચરહાઉસ, CCTVની માયાજાળ અને IPS મનોજ વર્માની એ સાયન્ટિફિક તપાસ!

### પત્ની ગાયબ થઈ, પતિએ બનાવ્યો માસ્ટરપ્લાન... પણ પોલીસે એક નાની ભૂલમાંથી ઉકેલ્યો દેશનો સૌથી સસ્પેન્સફુલ મર્ડર મિસ્ટ્રી કેસ! | જાણો કેવી રીતે કિલર પતિ જેલના સળિયા પાછળ પહોંચ્યો!

વિશેષ ક્રાઇમ થ્રિલર

અહેવાલ - પાક્કો ગુજરાત સ્પેશિયલ

આપણે ફિલ્મ 'દ્રશ્યમ' જોઈને મોઢામાં આંગળા નાખી જઈએ છીએ, પરંતુ સત્ય ઘટનાઓ ઘણીવાર કાલ્પનિક ફિલ્મો કરતાં પણ વધુ ક્રૂર અને સસ્પેન્સથી ભરેલી હોય છે. દેશના ક્રાઈમ ઈતિહાસમાં જ્યારે પણ કોઈ પર્ફેક્ટ મર્ડર પ્લાનનો ઉલ્લેખ થાય છે, ત્યારે ૨૦૧૩નો 'ડો. વૈશાલી જોશી અને અમિત શેઠ મર્ડર કેસ' અથવા અમદાવાદનો અતિ ચર્ચિત 'સુરેશ જોશી અને નીતુ કેસ' પોલીસ વિભાગના કેસ સ્ટડીનો ભાગ બની જાય છે. પરંતુ, જે કેસે આખા દેશમાં અરેરાટી મચાવી દીધી હતી અને જેની તપાસ માટે ભારતના દિગ્ગજ IPS અધિકારી મનોજ વર્મા (IPS Manoj Verma) અને તેમની ટીમે રાત-દિવસ એક કરી દીધા હતા, તે કેસની ઈનસાઈડ સ્ટોરી આજે 'પાક્કો ગુજરાત' પોતાના વાચકો સામે રજૂ કરવા જઈ રહ્યું છે.

ઘટનાની શરૂઆત: સવારે જોગિંગે ગયેલી પત્ની અચાનક ગાયબ!

ઘટનાની શરૂઆત એક સામાન્ય મિસિંગ કમ્પ્લેઇનથી થઈ હતી. ઉચ્ચ શિક્ષિત અને શાણા ગણાતા શખ્સે પોલીસ સ્ટેશન પહોંચીને અત્યંત ગંભીર ચહેરે ફરિયાદ નોંધાવી: 'સાહેબ! મારી પત્ની દરરોજ સવારે જોગિંગમાં જાય છે, પણ આજે પાછી નથી આવી. તેનો ફોન પણ સ્વિચ ઓફ આવે છે.'

પોલીસે શરૂઆતમાં તેને સામાન્ય ગુમ થવાનો કેસ ગણીને તપાસ શરૂ કરી. પતિએ પોલીસને ગેરમાર્ગે દોરવા માટે તમામ પુરાવાઓ એવી રીતે ગોઠવ્યા હતા કે કોઈને તેના પર શંકા ન જાય. તેણે પત્નીના મોબાઈલ લોકેશન, સીસીટીવી કવરેજ અને પોતાના ટાઈમિંગ્સ એવી રીતે મેચ કર્યા હતા કે જાણે તે પોતે નિર્દોષ હોય.

IPS મનોજ વર્માનો એન્ટ્રી અને 'થર્ડ આઈ' વોચ

કેસની ગંભીરતા જોતાં તત્કાલીન ઉચ્ચ પોલીસ અધિકારી IPS મનોજ વર્મા ના માર્ગદર્શન હેઠળ એક સ્પેશિયલ ટીમને તપાસ સોંપાઈ. મનોજ વર્મા પોતાની સાયન્ટિફિક ઈન્વેસ્ટિગેશન અને ગુનેગારોની સાયકોલોજી સમજવા માટે જાણીતા છે.

જ્યારે પોલીસે પતિની પૂછપરછ શરૂ કરી, ત્યારે તેના ચહેરા પર કોઈ ડર કે પસ્તાવો નહોતો. તે એટલો આત્મવિશ્વાસુ




હતો કે તેણે પોતે જ પોલીસને મદદ કરવાનો નાટક કર્યો. પરંતુ IPS મનોજ વર્માની ક્રાઈમ બ્રાન્ચની ટીમને તેની એક જ નાની વાતમાં શંકા ગઈ: પત્નીના ગાયબ થયાના માત્ર ૨ કલાકમાં જ પતિએ ઘરના તમામ કચરાના ડબ્બા સાફ કરાવી દીધા હતા અને સોસાયટીના સીસીટીવીના ચોક્કસ ૪૫ મિનિટના ફૂટેજ ગાયબ હતા!

માસ્ટર માઈન્ડનો 'દ્રશ્યમ' પ્લાન પકડાયો!

પોલીસે જ્યારે સાયન્ટિફિક ફોરેન્સિક (FSL) ની ટીમ સાથે ઘરમાં દરોડો પાડ્યો, ત્યારે લિવિંગ રૂમ કે બેડરૂમમાં લોહીનું એક ટીંપું પણ ન મળ્યું. પરંતુ FSL ની ટીમે 'લ્યુમિનોલ ટેસ્ટ' (Luminol Test) કર્યો, અને આખા બાથરૂમમાં લોહીના સુકાઈ ગયેલા ડાઘ ચમકી ઉઠ્યા!

ચોંકાવનારી વાસ્તવિકતા એ હતી કે:

૧. શંકાસ્પદ પતિએ પત્નીની ગળું દબાવીને હત્યા કર્યા બાદ, તેના મૃતદેહના ટુકડા કર્યા હતા.

૨. તે ટુકડાઓને પ્લાસ્ટિકના બ્લેક બેગમાં પેક કરીને પોતાના વાહનની ડિકીમાં મૂકી અલગ-અલગ સુમસામ વિસ્તારોમાં ફેંકી આવ્યા હતા.

૩. ગુનો છુપાવવા માટે તેણે આખા ઘરમાં એસિડ અને ફિનાઈલથી ૩ વાર સફાઈ કરી હતી.

પૂછપરછમાં તૂટી પડ્યો હવસખોર કાતિલ

IPS મનોજ વર્માની ટીમે જ્યારે તેને બાથરૂમમાંથી મળેલા કેમિકલ પુરાવા અને સીસીટીવીના ડીવીઆર (DVR) માંથી રિકવર કરેલા ડેટા સામે મૂક્યા, ત્યારે અરીસાની જેમ સાફ થઈ ગયેલી સત્યતા સામે કાતિલ ભાંગી પડ્યો. તેણે ગુનો કબૂલી લેતાં કહ્યું કે તે અફેર અને મિલકત મેળવવાની લાલચમાં આ અમાનવીય કૃત્ય કરી બેઠો હતો.

### પાક્કો ગુજરાત નો નિષ્કર્ષ:

આ કેસે આખા દેશને એ સાબિત કરી બતાવ્યું કે 'ગુનેગાર ગમે તેટલો ચાલાક હોય, પણ કાયદા અને સાયન્ટિફિક ઈન્વેસ્ટિગેશનથી ક્યારેય બચી શકતો નથી.'

IPS મનોજ વર્મા અને તેમની ટીમની આ ચપળતાના કારણે જ એક નરાધમ કિલર આજીવન જેલના સળિયા પાછળ પહોંચ્યો અને પીડિત પરિવારને ન્યાય મળ્યો. આ ઘટના આજે પણ કાનૂની અને પોલીસ ઈતિહાસમાં એક પ્રેરણાદાયી તપાસનું ઉદાહરણ માનવામાં આવે છે.

**- પવન માકન ( ગ્રુપ એડિટર)**

# મરણ પાછળના દેખાવ નહીં, માનવતાભર્યા વ્યવહારની જરૂર છે

મૃત્યુ જીવનનું અચૂક સત્ય છે. કોઈ સ્વજન આપણાથી વિદાય લે ત્યારે હૃદયમાં શોક થવો સ્વાભાવિક છે. પરંતુ આજના સમયમાં કેટલાક પરિવારોમાં મૃત્યુના પ્રસંગે શોક કરતાં દેખાડો, ખર્ચાળ રિવાજો અને સામાજિક દબાણ વધુ જોવા મળે છે. જાણે સ્વજન પ્રત્યેનો પ્રેમ કેટલો ઊંડો હતો તેનું માપ મોંઘી વિધિ અને મોટા ખર્ચથી થતું હોય! મરણ પામનાર વ્યક્તિને હવે ભૌતિક વસ્તુઓની જરૂર નથી. જરૂર છે તો જીવતા પરિવારજનોને સાંત્વનાની, સહાનુભૂતિની અને માનવતાની. તેથી મૃત્યુ પ્રસંગે અનાવશ્યક ખર્ચ અને દેખાદેખી કરતાં પરિવારને સહારો આપવો વધુ અર્થપૂર્ણ છે.

"મૃત્યુ પછીની ભવ્યતા શું કામની,<br>
જો જીવતાં માણસને પ્રેમ ન મળ્યો હોય?<br>
શ્રદ્ધાંજલિ ફૂલોથી નહીં,<br>
સારા વ્યવહારથી અપાય છે."



આપણે વિચારવું પડશે કે કોઈ ગરીબ પરિવાર માત્ર સમાજ શું કહેશે તેની ચિંતામાં આવીને દેવું કરીને મરણ પ્રસંગના ખર્ચાળ રિવાજો કરે, તે કેટલી મોટી વિસંગતિ છે! શોકની ઘડીમાં પરિવાર પર આર્થિક બોજો વધારવાને બદલે તેને હળવો કરવો એ જ સાચી સામાજિક જવાબદારી છે. મરણ પ્રસંગે માણસાઈ દેખાવાની જરૂર છે, મોંઘા રિવાજોની નહીં. મૃતકની યાદમાં કોઈ જરૂરિયાતમંદને મદદ કરવી, વૃક્ષ વાવવું, ગરીબ બાળકના શિક્ષણમાં સહયોગ આપવો કે પરિવારને આર્થિક-માનસિક સહારો આપવો–આવી ભાવના કદાચ કોઈ પણ દેખાવ કરતાં વધુ મૂલ્યવાન શ્રદ્ધાંજલિ બની શકે.

આપણે એવી પરંપરા ઊભી કરીએ જ્યાં મરણ પાછળનો ખર્ચ નહીં, જીવનભરનું વ્યક્તિત્વ યાદ કરવામાં આવે; દેખાડો નહીં, સંવેદના બોલે; અને રિવાજ નહીં, માણસાઈ જીવંત રહે. મૃત્યુના પ્રસંગને "દેખાડાની હરીફાઈ" નહીં, પરંતુ "માનવતાની અભિવ્યક્તિ" બનાવવાનો સમય આવી ગયો છે.

**- રૂપેશ સોલંકી**

# 2027માં શનિનું મહાગોચર

### મીન રાશિમાંથી મેષ રાશિમાં પ્રવેશ! આ એક રાશિ પરથી હટશે સાડા સાતી, શરૂ થશે 'ગોલ્ડન ટાઇમ'!

જ્યોતિષ વિશેષ અહેવાલ - પાક્કો ગુજરાત ન્યૂઝ

વૈદિક જ્યોતિષશાસ્ત્રમાં શનિદેવને ન્યાયના દેવતા અને કર્મફળ દાતા માનવામાં આવે છે. શનિદેવ સરેરાશ અઢી વર્ષે (૨.૫ વર્ષ) પોતાની રાશિ બદલે છે. આથી શનિનું દરેક ગોચર તમામ ૧૨ રાશિઓના જીવન પર ઊંડી અને વ્યાપક અસર છોડે છે.

વર્ષ ૨૦૨૫માં શનિદેવે કુંભ રાશિમાંથી નીકળીને મીન રાશિમાં પ્રવેશ કર્યો હતો. ત્યાર બાદ હવે વર્ષ ૨૦૨૭માં શનિનું અતિ મહત્વપૂર્ણ મહાગોચર થવા જઈ રહ્યું છે. શનિદેવ મીન રાશિમાંથી નીકળીને મંગળની સ્વામિત્વ વાળી મેષ રાશિમાં પ્રવેશ કરશે. આ ગોચર થતાં જ કેટલાક જાતકોને વર્ષોથી ચાલી આવતી શનિની સાડા સાતીના કષ્ટમાંથી મુક્તિ મળશે અને તેમના માટે સફળતાનો 'ગોલ્ડન ટાઈમ' શરુ થશે.



૨૦૨૭ના આ ગોચરથી સાડા સાતી ઉપરાંત શનિની ઢૈય્યાની અસરોમાં પણ મોટો ફેરફાર થશે:

૧. ઢૈય્યામાંથી મુક્તિ: કર્ક અને વૃશ્ચિક રાશિના જાતકોને શનિની નાની પનોતી (ઢૈય્યા)માંથી મુક્તિ મળશે.

૨. નવી ઢૈય્યાની શરૂઆત: સિંહ અને ધન રાશિના જાતકો પર શનિની ઢૈય્યા શરૂ થશે, જેના કારણે તેમણે આર્થિક અને વ્યાવસાયિક બાબતોમાં થોડી સાવચેતી રાખવી પડશે.

શનિના ગોચરથી મકર રાશિ ઉપરાંત આ રાશિઓને પણ મળશે ભારે લાભ:

વૃષભ રાશિ: શનિના મેષ રાશિમાં જવાથી આ રાશિના જાતકો માટે આવકના નવા સ્ત્રોત ખુલશે અને વિદેશ યાત્રા કે

### શનિદેવના રાશિ પરિવર્તનથી કઈ રાશિઓને મળશે મોટો લાભ અને કોના પર શરૂ થશે શનિની દશા? જ્યોતિષીય ગણતરી સાથે જાણો સાચી માહિતી!

આ એક રાશિ પરથી હટશે સાડા સાતી: મકર રાશિને મળશે સંપૂર્ણ મુક્તિ!

શનિના આ રાશિ પરિવર્તનથી મકર રાશિ (Capricorn) ના જાતકો માટે સૌથી મોટા આનંદના સમાચાર સામે આવશે.

૭.૫ વર્ષનો અંત: મકર રાશિના જાતકો પર છેલ્લા સાડા સાત વર્ષથી ચાલી રહેલી શનિની આકરી સાડા સાતીનો ત્રીજો અને અંતિમ ચરણ પૂર્ણ થઈને સંપૂર્ણ અંત આવશે.

ગોલ્ડન ટાઈમની શરૂઆત: સાડા સાતી સમાપ્ત થતાં જ મકર રાશિના લોકો માટે ગોલ્ડન ટાઈમ શરૂ થશે. માનસિક તણાવ, આર્થિક ખેંચતાણ અને કામમાં આવતા અડચણો દૂર થશે. રોકાયેલા નાણાં પાછા મળશે, કારકિર્દીમાં નવી તકો મળશે અને આરોગ્યમાં સુધારો જોવા મળશે.

(નોંધ: કુંભ રાશિ માટે સાડા સાતીનો છેલ્લો તબક્કો અને મીન રાશિ માટે બીજો તબક્કો શરૂ રહેશે, જ્યારે મેષ રાશિ પર સાડા સાતીનો પ્રથમ તબક્કો શરૂ થશે.)

શનિની ઢૈય્યા (અઢી વર્ષી દશા) નું ગણિત વિદેશી વેપારથી ધનલાભ થવાના યોગ બનશે.

મિથુન રાશિ: લાંબા સમયથી ચાલી આવતી નોકરી કે ધંધાની સમસ્યાઓ દૂર થશે. સમાજમાં માન-પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે.

જ્યોતિષીય સલાહ: શનિદેવની કૃપા મેળવવાના સરળ ઉપાયો

શનિદેવ માત્ર કર્મ પ્રમાણે ફળ આપે છે. જે જાતકો પર સાડા સાતી કે ઢૈય્યા શરૂ થાય તેમણે ગભરાવાની જરૂર નથી, પરંતુ નીચે મુજબના સરળ ઉપાયો કરવા જોઈએ:

દર શનિવારે શનિદેવને તલનું તેલ અર્પણ કરવું અને હનુમાન ચાલીસાના પાઠ કરવા.

ગરીબ, અસહાય અને જરૂરિયાતમંદ લોકોને કાળા વસ્ત્ર, અડદ કે ભોજનનું દાન કરવું.

પોતાના હાથ નીચે કામ કરતા કર્મચારીઓ અને શ્રમિકો સાથે હંમેશા નમ્ર અને યોગ્ય વ્યવહાર રાખવો.

# પ્રજા માટે માત્ર 'ટેક્સ આપો અને મત આપો', સુવિધાના નામે માત્ર 'પાણી ભરાવો': તંત્રની નિષ્ફળતા સામે આક્રોશનો જ્વાળામુખી!

### માત્ર એક ઇંચ વરસાદમાં અમદાવાદ સહિત સમગ્ર ગુજરાત સ્વિમિંગ પૂલ બન્યું! | શાળાઓથી લઈને મુખ્ય માર્ગો જળમગ્ન: કાગળ પરના પ્રી-મોન્સૂન પ્લાનની ખુલ્લી પોલ | "અમે કરોડોનો ટેક્સ ચુકવીએ છીએ, તો બદલામાં નરકાગાર કેમ?" — જનતાનો તીખો સવાલ!

વિશેષ આક્રોશ અહેવાલ - પાક્કો ગુજરાત ન્યૂઝ

મેગા સિટી અમદાવાદ હોય કે રાજકોટ, વડોદરા કે સુરત... ગુજરાતના કોઈ પણ શહેરની કહાની આજે એકસરખી બની ગઈ છે! ગુજરાત સરકાર અને સ્થાનિક મહાનગરપાલિકાઓની નીતિ હવે ચોખ્ખી દેખાઈ રહી છે: 'જનતાએ માત્ર ચૂપચાપ ટેક્સ ભરવાનો, સમયાંતરે આવીને મત આપવાનો... બાકી સુવિધાના નામે તંત્ર જે આપે તે મુસીબત સહન કરી લેવાની!' ચોમાસાની શરૂઆતમાં જ મેઘરાજાએ માત્ર એક-બે ઇંચ પધરામણી કરી ત્યાં તો સ્માર્ટ સિટીના દાવાઓનો કચરો થઈ ગયો છે. શાળાઓના ગ્રાઉન્ડમાં પાણી ભરાઈ જવાથી ભૂલકાંઓ અટવાયા છે, તો બીજી તરફ શહેરના મુખ્ય રસ્તાઓ, અંડરપાસ અને સોસાયટીઓ બેટમાં ફેરવાઈ ગઈ છે.

માત્ર ૧ ઇંચ વરસાદમાં સ્માર્ટ સિટીઝ ડૂબ્યા! (ગ્રાઉન્ડ રિયાલિટી)

દર વર્ષે ચોમાસા પહેલાં મહાનગરપાલિકાઓ દ્વારા 'પ્રી-મોન્સૂન કામગીરી'ના નામે કરોડો રૂપિયાના બજેટ ફાળવવામાં આવે છે. પરંતુ વરસાદનું પહેલું જ ઝાપટું આ તંત્રના ભ્રષ્ટાચાર અને નિષ્ફળતાને ધોઈ નાખે છે: શાળાઓમાં પાણી ભરાયા: અનેક સરકારી અને ખાનગી શાળાઓના વર્ગખંડો અને કેમ્પસમાં પાણી ભરાઈ જતાં નાના ભૂલકાંઓને ભારે હાલાકી ભોગવવી પડી છે. સુરક્ષાના નામે મોટા દાવા કરતી સરકાર બાળકોના ભવિષ્યને પાણીમાં હોમી રહી હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. રોડ-રસ્તાઓ સ્વિમિંગ પૂલ બન્યા: દરેક મુખ્ય માર્ગો પર એક-એક ફૂટ પાણી ભરાઈ જતાં ટ્રાફિક જામની વિકટ સમસ્યા સર્જાઈ છે. કરોડોના ખર્ચે બનેલા રસ્તાઓ ધસી પડ્યા છે અને ખાડાઓનું સામ્રાજ્ય સ્થપાઈ ગયું છે.

ડ્રેનેજ સિસ્ટમ સંપૂર્ણ નિષ્ફળ: 'લાઈન ક્લિયરન્સ' અને ગટર સફાઈના દાવાઓ માત્ર કાગળ પર જ રહ્યા. થોડાક જ વરસાદમાં ડ્રેનેજ લાઈનો ઉભરાવા લાગી છે.

પાક્કો ગુજરાત નો ઘાતક સવાલ: ટેક્સપેયર્સ સાથે આટલો અન્યાય કેમ?

ગુજરાતનો સામાન્ય નાગરિક પોતાના પરસેવાની કમાણીમાંથી પ્રોપર્ટી ટેક્સ, વોટર ટેક્સ, વ્હીકલ ટેક્સ અને એજ્યુકેશન ટેક્સ જેવા અનેક વેરાઓ તંત્રને ચૂકવે છે.

શું નાગરિકો માત્ર ટેક્સનું મશીન અને વોટબેંક છે?

જ્યારે પણ વિરોધ થાય ત્યારે 'સુવિધા જે આપીએ તે ભોગવી લો' જેવું વલણ કેમ અપનાવવામાં આવે છે?

કરોડો રૂપિયાના પ્રી-મોન્સૂન કામગીરીના ટેન્ડરો કોના ખિસ્સામાં ગયા?

પ્રજાનો સીધો આક્રોશ અને ચેતવણી

હવે પ્રજાનો ધીરજનો ઘડો ભરાઈ ચૂક્યો છે. રસ્તાઓ પર ખાડા, વાહનોનું નુકસાન અને રોગચાળાના ભય વચ્ચે જીવતી જનતા હવે તંત્રના પોકળ આશ્વાસનોથી કંટાળી ગઈ છે. જો સમયસર ગટર અને રસ્તાઓની સ્થિતિ સુધારવામાં નહીં આવે, તો આ વહેતું પાણી આગામી દિવસોમાં તંત્ર અને શાસકો સામે આક્રોશની સુનામી બનીને ઉભરાશે તે નક્કી છે!

# એગ્રી-ટેક કંપની 'ગ્રો ઇન્ડિગો'એ કાર્બન ક્રેડિટ વેચવા બદલ ખેડૂતોને ચૂકવણું કર્યું

નવી દિલ્હી

ભારતમાં કૃષિ કાર્બન ક્રેડિટ માટે કોઈ કંપની દ્વારા ચૂકવણી કરવામાં આવી હોય તેવી પ્રથમ ઘટનાઓમાંની એકમાં, એગ્રી-ટેક સ્ટાર્ટઅપ 'ગ્રો ઈન્ડિગો' (Grow Indigo) દ્વારા આશરે ૨,૫૦૦ ખેડૂતોને ૫૭,૦૦૦થી વધુ કાર્બન ક્રેડિટ્સ વેચવા બદલ ૩,૦૦૦ થી ૧૫,૦૦૦ સુધીની રકમ ચૂકવવામાં આવી છે. ભારતે કૃષિ ક્ષેત્રના કાર્બન માર્કેટને હવે નીતિના સ્તરેથી આગળ લઈ જઈને સીધા ખેડૂતોના સ્તર સુધી પહોંચાડ્યું છે. પંજાબ અને હરિયાણાના 2,500થી વધુ નાના અને સીમાંત ખેડૂતોને પુનર્જીવિત ખેતી (Regenerative Farming) પદ્ધતિઓ અપનાવવા બદલ કુલ 2.9 કરોડથી વધુની ડિજિટલ ચૂકવણી કરવામાં આવી.




આ અંગેની પ્રથમ ચૂકવણીનો કાર્યક્રમ પંજાબ એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી (PAU), લુધિયાણા ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન DAREના સચિવ અને ભારતીય કૃષિ સંશોધન પરિષદ (ICAR)ના મહાનિર્દેશક ડૉ. એમ. એલ. જાટે પંજાબ અને હરિયાણાના ખેડૂતોને સીધો લાભ ટ્રાન્સફર (DBT) દ્વારા ચૂકવણીની શરૂઆત કરી હતી.

આ પહેલ ખેડૂતોને પર્યાવરણને અનુકૂળ અને જમીનની ગુણવત્તા સુધારતી ખેતી પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહન આપવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. ગ્રો ઈન્ડિગોના ચીફ ઓપરેટિંગ ઓફિસર (કાર્બન) ઉમંગ અગ્રવાલે જણાવ્યું કે, સંભવિત ખરીદદારોને આ ક્રેડિટ્સ હજુ સંપૂર્ણપણે વેચાઈ ન હોવા છતાં કંપનીએ પોતાના ફંડમાંથી ખેડૂતોને આ ચૂકવણી કરી છે. આમાંની મોટાભાગની ક્રેડિટ્સ પરંપરાગત રોપણી પદ્ધતિને બદલે ડાંગરની સીધી વાવણી (Direct-Seeded Rice) પદ્ધતિ અપનાવીને મેળવવામાં આવી હતી. આ ચૂકવણી વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૨ દરમિયાન એકત્રિત થયેલી કાર્બન ક્રેડિટ્સ માટે કરવામાં આવી છે. કંપનીની વેબસાઈટ અનુસાર, ગ્રો ઈન્ડિગો એ મહારાષ્ટ્ર હાઈબ્રિડ સીડ્સ કંપની લિમિટેડ (Mahyco) અને અમેરિકાની ઈન્ડિગો એગ (Indigo Ag)નું સંયુક્ત સાહસ છે. અગ્રવાલે વધુમાં જણાવ્યું કે ખેડૂતો સાથેના મૂળ કરાર મુજબ, કાર્બન ક્રેડિટ્સના વેચાણથી થતી ચોખ્ખી આવકના ૭૫ ટકા હિસ્સો ખેડૂતોને મળવાપાત્ર હતો. જોકે, ખરીદદારો તરફથી લાંબી પ્રક્રિયા સહિતના વિવિધ કારણોસર ચૂકવણીમાં વિલંબ થઈ રહ્યો હતો.



# ગાંધીનગર ખાતે GMC ચૂંટણીના 23 ઉમેદવારોનું પ્રથમ લિસ્ટ જાહેર: મનોજ સોરઠીયા

## ગત ચૂંટણીમાં ગાંધીનગરના લોકોએ 21 ટકા વોટ આપી AAP ના એક ઉમેદવારને જીતાડ્યા હતા: મનોજ સોરઠીયા

ગાંધીનગર

આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજભાઈ સોરઠિયાએ ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી સંદર્ભે ઉમેદવારોની પ્રથમ સૂચિ જાહેર કરતા જણાવ્યું હતું કે, ગાંધીનગરમાં મહાનગરપાલિકાની ચૂંટણી જાહેર થઈ ચૂકી છે. આપણે બધા એ પણ જાણીએ છીએ કે જ્યાં ગુજરાતનું કેન્દ્ર છે, જ્યાંથી આખા ગુજરાતનો વહીવટ થાય છે, એવા ગાંધીનગર મહાનગરપાલિકામાં જ દિવડા તળે અંધારું રહ્યું છે. અહીંના લોકો સામાન્ય સુવિધાઓથી વંચિત છે અને જે રીતે ગાંધીનગરની અંદર આડેધડ બાંધકામો થઈ રહ્યા છે, તેનાથી ગાંધીનગરની જે સુંદરતા હતી, એ સુંદરતાને વેચવાનું કામ સત્તામાં બેઠેલા લોકોએ કર્યું છે. અનેક સમસ્યાઓનો સામનો કરી રહેલું આ નાનું એવું મહાનગર આમ તો વિશ્વના ફલક ઉપર નામ ધરાવે છે, પણ વૈશ્વિક કક્ષાના શહેરની સુવિધાઓને બદલે ગાંધીનગરમાં હંમેશા ગાંધીનગરના નાગરિકો માટે અનેક પ્રશ્નો આપણી સામે



આવીને ઊભા રહ્યા છે. ગાંધીનગરના લોકો અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. તેમણે આગળ ઉમેર્યું કે, ત્યારે આમ આદમી પાર્ટી, પાંચ વર્ષ પહેલાં પણ ગાંધીનગરને એક વિકલ્પ આપવા માટે ચૂંટણી લડી હતી. અને પહેલી જ વખત જ્યારે આમ આદમી પાર્ટી ચૂંટણી લડી ત્યારે ૨૧ ટકા જેટલા મતો સાથે આમ આદમી પાર્ટીના એક નગરસેવકને ગાંધીનગરની જનતાએ મોકો આપ્યો હતો. ગત વખતે ભારતીય જનતા પાર્ટી જે રીતે સમગ્ર ગુજરાતમાં અને દેશમાં જનતાનું મેન્ડેડ લાવીને નહીં, પરંતુ જનતાના મેન્ડેડ પર ચૂંટાઈને આવેલા સભ્યોને ચોરીને, બેસાડીને અને એમને લલચાવીને પોતાની રાજનીતિ કરતી આવી છે, ત્યારે અમારા માટે ગર્વની વાત છે કે આમ આદમી પાર્ટીનો એકમાત્ર નગરસેવક ચૂંટાઈને આવ્યો હોવા છતાં ભારતીય જનતા પાર્ટી એને લાલચમાં લાવી શકી નથી, એને દબાવી શકી નથી કે એને ખરીદી શકી નથી. મજબૂત વિપક્ષની ભૂમિકામાં છેલ્લા પાંચ વર્ષની અંદર આમ આદમી પાર્ટીએ ગાંધીનગરમાં પોતાની ફરજ બજાવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, એવા સમયમાં અમને પૂરો વિશ્વાસ છે કે આ વખતની મહાનગરપાલિકાની ચૂંટણીમાં, જ્યારે જનતા બદલાવ માગે છે અને આમ આદમી પાર્ટી મજબૂતીથી આ મહાનગરપાલિકાની ચૂંટણી લડવા જઈ રહી છે ત્યારે, આમ આદમી પાર્ટીએ આજે બધી જ પાર્ટીઓ પહેલાં શરૂઆત કરી છે. મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે, અમે અમારા ૨૩ ચૂંટણીના ઉમેદવારો આજની આ પ્રેસ વાર્તાથી ડિક્લેર કરવા જઈ રહ્યા છીએ. આમ આદમી પાર્ટીએ હંમેશા ગુજરાતની અંદર સામાન્ય માણસો માટે, યુવાનો માટે અને મહિલાઓ માટે એક પ્લેટફોર્મ આપવાનું કામ કર્યું છે. જે લોકો મેઈનસ્ટ્રીમ રાજનીતિમાં નથી, એવા નાગરિકોને મેઈનસ્ટ્રીમ રાજનીતિમાં લાવવાનું કામ આમ આદમી પાર્ટીએ કર્યું છે અને ગુજરાતની અંદર આજે એક મજબૂત પાર્ટી તરીકે સામાન્ય લોકોની તથા ભણેલા-ગણેલા લોકોની પાર્ટી તરીકે ઊભી આવી છે. આજે પણ અમે આ જાહેર કરવા જઈ રહ્યા છીએ ત્યારે આમ આદમી પાર્ટીએ યુવાનોને તક આપવાનું કામ કર્યું છે, જેમાં ડૉક્ટર્સ છે, વકીલો છે, MBA થયેલા અને સામાજિક કાર્યકરો પણ છે.

### કમલાબાગ પોલીસ દ્વારા મેડિયેશન સેન્ટરમાંથી

# 1.17 લાખના કોમ્પ્યુટર સેટની ચોરીનો ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલાયો

ગોસા(ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદર ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટના મીડીયેશન સેન્ટરમાંથી ડેલ કંપનીના બે ઓલ-ઈન-વન કોમ્પ્યુટર સેટ, કીબોર્ડ અને માઉસ સહિત આશરે રૂ.૧,૧૭,૮૦૦ની કિંમતના મુદ્દામાલની ચોરીનો કમલાબાગ પોલીસે ગણતરીની કલાકોમાં ભેદ ઉકેલી બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે બંને આરોપીઓ પાસેથી ચોરીમાં ગયેલો ૧૦૦ ટકા મુદ્દામાલ કબજે કરી વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે મીડીયેશન સેન્ટરના ક્લાર્ક રચિત દેસાઈએ કમલાબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, અજાણ્યા શખ્સે ગેરકાયદેસર પ્રવેશ કરી મીડીયેશન સેન્ટરમાં રાખવામાં આવેલા ડેલ કંપનીના ઓલ-ઈન-વન કોમ્પ્યુટર સેટ નંગ-૨, કીબોર્ડ તથા માઉસ સહિત કુલ રૂ.૧,૧૭,૮૦૦નો મુદ્દામાલ ચોરી કરી લઈ ગયા





હતા. ફરિયાદના આધારે કમલાબાગ પોલીસે ગુ.ર.નં. પાર્ટ એ-૧૧૨૧૮૦૦૯૨૬૦૫/૨૦૨૬ મુજબ બી.એન.એસ.ની કલમ ૩૦૫(ઇ), ૩૩૧(૩), ૩૩૧(૪) હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

ગુનો નોંધાયા બાદ પોલીસ ઈન્સ્પેક્ટર એસ.જી. સોલંકીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો. સબ ઈન્સ્પેક્ટર જે.એસ. હુંબલ તથા પોલીસ સ્ટાફની અલગ-અલગ ટીમો દ્વારા ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી.

તે દરમ્યાન સર્વેલન્સ પો.સ્ટાફના એ.એસ. આઈ. ચેતન ગીગા ભાઈ મોઢવાડીયા તથા પોલીસ કોન્સ્ટેબલ દેવેન્દ્રસિંહ રણજીત સિંહ જાડેજા તથા સાજન રામશીભાઈ વરૂનાઓને ટેકનિકલ તથા હ્યુમન સોર્સીસથી સંયુકત રીતે બાતમી હકીકત મેળવી પોલીસને મળેલી બાતમી અને ટેકનિકલ માહિતીના આધારે ચોરીનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો.

# પાવીજેતપુરની વી. આર. શાહ હાઇસ્કૂલમાં પોલીસ દ્વારા NDPS અને પોક્સો એક્ટ અંગે જાગૃતિ સેમિનાર યોજાયો

પાવીજેતપુર, ઇમરાન મિર્ઝા

પાવીજેતપુર નગરમાં આવેલી શ્રીમતી વી. આર. શાહ સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે પાવીજેતપુર પોલીસ સ્ટેશન દ્વારા NDPS (નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ) એક્ટ તેમજ POCSO (પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સિસ) એક્ટ અંતર્ગત એક વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ દરમિયાન પાવીજેતપુર પોલીસ સ્ટેશનના પી.આઈ. રાણા તથા તેમની પોલીસ ટીમે ઉપસ્થિત વિદ્યાર્થીઓને વર્તમાન સમયમાં કાયદાકીય જાગૃતિના મહત્વ વિશે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પોલીસ ટીમે વિદ્યાર્થીઓને નશાના દુષણથી દૂર રહેવા અને NDPS એક્ટ હેઠળ થતી કડક કાનૂની કાર્યવાહી વિશે માહિતી આપી હતી.

આ ઉપરાંત POCSO એક્ટ હેઠળ બાળકોની સુરક્ષા, તેમના મૂળભૂત અધિકારો, મુશ્કેલ પરિસ્થિતિમાં રાખવાની સાવચેતીઓ તેમજ આપાતકાલીન સમયે પોલીસ સહાય મેળવવા અંગે વિદ્યાર્થીઓ સમજી શકે તેવી સરળ શૈલીમાં સમજણ આપવામાં આવી હતી. આ સેમિનારમાં શાળાના શિક્ષકો, સ્ટાફગણ તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરિવારે પોલીસ વિભાગની આ સરાહનીય પહેલ બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

# વીરપુર નજીકથી LCBએ હોન્ડા સિટી કારમાંથી 4.56 લાખનો વિદેશી દારૂ ઝડપ્યો : બે આરોપીની ધરપકડ!!

જેતપુર, સુરેશ ભાલીયા

રાજકોટ ગ્રામ્ય પોલીસ જિલ્લામાં પ્રોહી-જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સદંતર નાબૂદ કરવા અંગે રાજકોટ રેન્જ આઈજી નિલિપ્ત રાય તથા જિલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જર દ્વારા કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચ રાજકોટ ગ્રામ્યની ટીમે વીરપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડયો છે.

ઘટનાની વિગત મુજબ, રાજકોટ ગ્રામ્ય એલસીબીનો સ્ટાફ વીરપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન મળેલી ખાનગી બાતમીના આધારે, એક હોન્ડા સિટી ફોર વ્હીલ કાર (નં.GJ-05-RA-8488) ઈંગ્લીશ દારૂનો ગેરકાયદેસર જથ્થો ભરીને કાગવડ ગામથી દેરડી તરફ જનાર હતી. જેથી પોલીસે કાગવડ ગામે રસ્તા પર આડશ કરી શંકાસ્પદ કારને રોકીને તલાશી લેતા, તેમાંથી અલગ-અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની કુલ ૨૬૪૦ નંગ બોટલો (કિંમત રૂ.૪,૫૬,૦૦૦) મળી આવી હતી. પોલીસે દારૂનો જથ્થો, કાર (કિંમત રૂ.૩,૦૦,૦૦૦) અને ૨ નંગ મોબાઈલ ફોન (કિંમત ૨૦,૦૦૦) મળી કુલ રૂ.૭,૭૬,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ મામલે કુલ પાંચ ઈસમો સામે વીરપુર પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસે આ રેડ દરમિયાન ઘટનાસ્થળેથી બે આરોપીઓ વિજયભાઈ કિશોરભાઈ સરવૈયા (રહે. સીધ્ધાર્થનગર, ગોંડલ) અને રૂત્વીકભાઈ ઉર્ફે રૂતો રવજીભાઈ મકવાણા (રહે. ભાદરના સામા કાંઠે, જેતપુર) ની ધરપકડ કરી છે. જ્યારે દારૂનો જથ્થો મોકલનાર અને મંગાવનાર અન્ય ત્રણ આરોપીઓ હરેશ રવજીભાઈ મકવાણા (રહે. નવાગઢ, જેતપુર), યશપાલ મુકેશભાઈ સાકરીયા (રહે. ગોંડલ) અને અનીશ ઉર્ફે અલી સીરાજભાઈ ગીલાણી (રહે. ગોંડલ) ને અટક કરવાના ચક્રો ગતિમાન કર્યા છે.

આ કામગીરીમાં એલસીબી પીઆઇ જે.પી.રાવ તથા પીએસઆઈ આર.વી.ભીમાણી, કે.એમ.ચાવડા, એચ.સી. ગોહીલ, પી.એન.ભરવાડ તથા એએસઆઈ અનીલભાઈ બડકોદીયા, બાલકુષ્ણભાઈ ત્રીવેદી, ભાવેશભાઈ ચાવડા, તથા હેડ.કોન્સ. મનીષભાઈ વરૂ, રમણીકભાઈ મણવર, મનદીપસિંહ જાડેજા, ભરતભાઈ ગમારા મીરલભાઈ ચંદ્રવાડીયા ડ્રા. અબ્દુલભાઈ શેખ જોડાયા હતા.

# રાજપારડીના લોકમેળામાં 112ની સતર્કતા: ગીચ ભીડમાં બાળકીની તબિયત લથડતાં જનરક્ષક ટીમે સમયસર પહોંચાડી હોસ્પિટલ

ભરૂચ

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના રાજપારડી ગામ ખાતે આવેલા પૌરાણિક સારસા માતાના મંદિર પરંપરાગત ભવ્ય લોકમેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. મેળામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડતાં સમગ્ર વિસ્તારમાં ભારે ભીડ જોવા મળી હતી.મેળામાં યાત્રાળુઓની સુરક્ષા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે રાજપારડી પોલીસ સ્ટેશનના કર્મચારીઓ તેમજ જનરક્ષક 112ની ટીમ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું. સાથે જ ખિસ્સા કાતરોથી સાવધાન રહેવા અને પોતાના કિંમતી સામાનની તકેદારી રાખવા માટે એનાઉન્સમેન્ટ દ્વારા લોકોને સતત જાગૃત કરવામાં આવી રહ્યા હતા.આ દરમિયાન ગીચ ભીડ વચ્ચે આશરે 8થી 10 વર્ષની એક બાળકીની અચાનક તબિયત લથડી હતી. ચક્કર અને ગભરામણના કારણે બાળકી નીચે પડી જતાં તેના પિતાએ પેટ્રોલિંગ કરી રહેલી જનરક્ષક 112ની ટીમને જાણ કરી હતી. માહિતી મળતાં જ જનરક્ષક 112ના ઈન્ચાર્જ ફતેસિંહ રામસિંહ અને પાઈલટ અજયભાઈ ખીમજીભાઈ વણઝારા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ટીમે ગીચ ભીડમાંથી બાળકીને સુરક્ષિત રીતે બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખાતે પહોંચાડી હતી.મેળામાં સુરક્ષા વ્યવસ્થા જાળવવાની ફરજ સાથે મુશ્કેલીમાં મુકાયેલા પરિવારને સમયસર મદદ પહોંચાડી રાજપારડી પોલીસ અને જનરક્ષક 112ની ટીમે સતર્કતા અને માનવતાનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### 'સેવા મારું યોગદાન' અભિયાન હેઠળ

# દહેજ GIDC અને આસપાસના વિસ્તારમાં 3,333 વૃક્ષો વાવવાનું મહાઅભિયાન શરૂ!!

ભરૂચ, રંગુની જાકીર

GPCB અને સદભાવના સેવા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતાના વિવિધ કાર્યક્રમો યોજાશે. GPCB અધ્યક્ષ શ્રી આર.બી. બારડ અને સભ્ય સચિવ શ્રીમતી દીપાલીબેન ટાંકના માર્ગદર્શન હેઠળ પ્રાદેશિક કચેરી ભરૂચ દ્વારા પહેલ.



ભરૂચ પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતા પ્રત્યે સામાજિક જવાબદારીના ભાગરૂપે 'સેવા મારું યોગદાન' અભિયાન અંતર્ગત દહેજ GIDC તથા તેની આસપાસના વિસ્તારોમાં ૩,૩૩૩ વૃક્ષો વાવવાનું મહાઅભિયાન શરૂ કરવામાં આવ્યું છે.

ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધ્યક્ષશ્રી આર.બી. બારડ તથા સભ્ય સચિવ શ્રીમતી દીપાલીબેન ટાંકના માર્ગદર્શન હેઠળ, GPCBની પ્રાદેશિક કચેરી ભરૂચ દ્વારા 'સદભાવના સેવા ફાઉન્ડેશન'ના સહયોગથી તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ આ વિશેષ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

ઔદ્યોગિક વિસ્તારમાં હરિયાળીનું પ્રમાણ વધારવા અને પર્યાવરણની સમતુલા જાળવવાના ઉદ્દેશ્ય સાથે શરૂ કરાયેલા આ મહાઅભિયાન અંતર્ગત માત્ર વૃક્ષારોપણ જ નહીં, પરંતુ દહેજ GIDC વિસ્તારમાં સ્વચ્છતા અંગેના અન્ય વિવિધ જાગૃતિ કાર્યક્રમો તેમજ સફાઈ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે.આ સંયુક્ત પ્રયાસથી દહેજ ઔદ્યોગિક વસાહત અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પર્યાવરણીય જાગૃતિ વધશે અને સ્વચ્છ તથા હરિયાળા વાતાવરણનું નિર્માણ થશે.

# વાલીયા શ્રીરંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજમાં હિન્દી દિવસની ઉજવણી

ભરૂચ, રંગુની જાકીર

વાલીયા ખાતે આવેલી શ્રીરંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજમાં હિન્દી વિભાગ દ્વારા આજ રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. હિન્દી દિવસ નિમિત્તે કોલેજમાં કાવ્ય લેખન, કાવ્ય પઠન, શ્રુતિલેખન તેમજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિવિધ સ્પર્ધાઓમાં કોલેજના કુલ 56 જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓમાં લેખન, શ્રુતિ, વક્તૃત્વ તેમજ અભિવ્યક્તિ કૌશલ્યનો વિકાસ થાય તે હેતુથી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા રજૂ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું આયોજન હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. શર્મિલાબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. મિરલબેન ચૌહાણ દ્વારા કરવામાં આવ્યું હતું, જ્યારે પ્રા. ચંચળબેન વસાવાએ આભારવિધિ કરી હતી. અંતે રાષ્ટ્રગાન સાથે હિન્દી દિવસની ઉજવણીનો કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

# ભરૂચ જિ. કલેક્ટર નવનાથ ગવ્હાણેના અધ્યક્ષ સ્થાને સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લા કલેક્ટર નવનાથ ગવ્હાણેના અધ્યક્ષસ્થાને આયોજન ભવન ખાતે જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.

બેઠકના પ્રારંભે વિવિધ સરકારી વિભાગોની કામગીરીની સમીક્ષા કરી હતી. જેમાં નિવૃત્ત થયેલા સરકારી કર્મચારીઓના પેન્શન કેસોના નિકાલ અને આગામી બે વર્ષમાં નિવૃત્ત થનાર કર્મચારીઓના પેન્શન કેસો, ગુજરાત તકેદારી આયોગ તરફથી આવેલ પત્રો, વિવિધ હેતુ માટે ફાળવેલી સરકારી જમીન અંગે, એ.જી. ઓડિટના બાકી પેરાઓની માહિતી સહિતના મુદ્દાઓને આવરી લેવાયા હતાં. કલેક્ટર કચેરી તરફથી મોકલવામાં આવેલા પત્રોની સ્થિતિ અંગે સમીક્ષા કરીને ઓનલાઈન ડેટા એન્ટ્રી સમયસર પૂર્ણ કરવા સૂચના આપવામાં આવી હતી.

સાથોસાથ ઈ-સરકાર પોર્ટલના અમલ માટે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. જનસેવા કેન્દ્રની કાર્યપદ્ધતિ તેમજ જિલ્લાના વિવિધ વિભાગોના આંતરિક પ્રશ્નો સહિતના મુદ્દાઓ પર પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ તકે, જિલ્લા કલેક્ટર શ્રી એ નાગરિકોની અરજીઓનો સમયસર નિકાલ લાવવા પર ભાર મૂકવામાં આવ્યો હતો.

બેઠકમાં ઉપસ્થિત લોકપ્રતિનિધિશ્રીઓ અને મહાનુભાવો દ્વારા લોકહિતને લગતા વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા.પદાધિકારીશ્રીઓ સાથેની બેઠકમાં લોકાભિમુખ મુદ્દાઓ અને ફરિયાદ સમિતિને મળેલી અરજીઓ અંગે વિગતવાર ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી. જેમાં પ્રજાને સ્પર્શતા તાકીદના પ્રશ્નો, લોકફરિયાદોનો સમયસર નિકાલ અને ગત બેઠકની સૂચનાઓ અન્વયે થયેલી કાર્યવાહીના અહેવાલની સમીક્ષા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ તમામ સંબંધિત અધિકારીઓને લોકપ્રશ્નો પ્રત્યે સંવેદનશીલ રહીને બાકી રહેલી ફરિયાદોનો સત્વરે ઉકેલ લાવવા અને સરકારી હુકમોનું ચુસ્તપણે પાલન કરવા માટે જરૂરી દિશા-નિર્દેશો આપ્યા હતા. આ સંકલન બેઠકમાં સાંસદ શ્રી મનસુખભાઈ વસાવા, ધારાસભ્ય સર્વે શ્રી રિતેશ વસાવા, રમેશ મિસ્ત્રી, અરુણસિંહ રાણા નાયબ વિકાસ અધિકારી શ્રી યોગેશ કાપસે, પ્રાયોજના વહીવટદારશ્રી, નિવાસી અધિક કલેકટરશ્રી આર. બી. ભોગયતાં, સહિતના ઉચ્ચ અધિકારીઓ અને સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### તલાટી 24 કલાક છતાં ન ફરકતા ગ્રામજનોમાં રોષ

# બોડેલીના નાનીવાંટ ગામે મોડી રાત્રે કાચા મકાનમાં ભીષણ આગ: ખેડૂત પરિવારની ઘરવખરી બળીને ખાખ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકામાંથી એક દુ:ખદ ઘટના સામે આવી છે. બોડેલીના નાનીવાંટ ગામે મોડી રાત્રે એક કાચા મકાનમાં અચાનક ભયાનક આગ ભુમકી ઉઠી હતી. રાત્રિના સુમારે બનેલી આ ઘટનામાં ખેડૂત પરિવારે માંડ માંડ પોતાનો અને પોતાના પશુઓનો જીવ બચાવ્યો છે. જોકે, આ ગંભીર હોનારતમાં પરિવારની આખી ઘરવખરી બળીને ખાખ થઈ ગઈ છે. બોડેલી તાલુકાના નાનીવાંટ ગામે રહેતા ખેડૂત લક્ષ્મણભાઈ અને તેમનો પરિવાર મોડી રાત્રે પોતાના કાચા મકાનમાં સુતો હતો, ત્યારે રાત્રિના અંદાજે ૨ વાગ્યાના સુમારે



અચાનક આગ ફાટી નીકળી હતી. આગે જોતજોતામાં રૌદ્ર સ્વરૂપ ધારણ કરી લેતા અફરાતફરી મચી ગઈ હતી. આગ એટલી ભયાનક હતી કે લક્ષ્મણભાઈ અને તેમના પરિવારના પાંચ સભ્યોએ પોતાનો જીવ બચાવવા ઘરની બહાર દોડી જવું પડ્યું હતું. પોતાની જાનના જોખમે ખેડૂત લક્ષ્મણભાઈએ મકાન આગળ બાંધેલા પશુઓના દોરડા કાપી તેમને મુક્ત કર્યા હતા, જેના કારણે મૂંગા પશુઓનો જીવ બચી શક્યો હતો. જોકે, એક પશુ સામાન્ય રીતે દાઝી જતાં ઈજાગ્રસ્ત થયું હતું.

આ આગની લપેટમાં ખેડૂત પરિવારની આખી ઘરવખરી–જેમાં અનાજ, સાયકલ, કપડાં, રોકડ રકમ અને ગાદલા સહિતનો તમામ સામાન–બળીને ભસ્મીભૂત થઈ ગયો છે. પ્રાથમિક અંદાજ મુજબ ખેડૂત પરિવારને ૩ લાખથી વધુનું ભારે આર્થિક નુકસાન થયું છે. આગમાં અમારું બધું જ સળગી ગયું છે... ૨૪ કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં મહેસુલી તલાટી સ્થળ પર આવ્યા નથી. સરકાર અમને આ મુશ્કેલીના સમયમાં મદદ કરે તેવી અમારી માંગ છે.'

# ભરૂચ LCBએ બંધ પેટ્રોલ પંપ પાસેથી 7 લાખની બીયર પકડી: ઓય કુચુ પુચુ લખેલા ટ્રકમાંથી 4,920 ટીન બીયર મળી

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લામાં ગેરકાયદેસર દારૂની પ્રવૃત્તિઓ સામે પોલીસ કાર્યવાહી કરી રહી છે. આ દરમિયાન લોકલ ક્રાઈમ બ્રાન્ચે (LCB) પાલેજ નજીક કાર્યવાહી કરી. નેશનલ હાઈવે-48 પર પાલેજથી ભરૂચ તરફના માર્ગે એક બંધ ભારત પેટ્રોલ પંપ પાસે એક ટ્રક શંકાસ્પદ હાલતમાં પાર્ક કરેલો હતો. LCB ટીમે ટ્રકની તપાસ કરતા તેમાંથી ભારતીય બનાવટની ટીન બીયરનો જથ્થો મળ્યો.

LCB ટીમે દરોડા પાડીને 205 બોક્સમાં ભરેલી કુલ 4,920 ટીન





બીયર જપ્ત કરી. આ બીયરની કિંમત 7,08,480 રૂપિયા છે. પોલીસે એક મોબાઈલ ફોન અને ટાટા LPT ટ્રક પણ જપ્ત કર્યો. કુલ 19,28,480 રૂપિયાનો મુદ્દામાલ કબજે કરાયો છે.

પોલીસે ઘટનાસ્થળેથી હિમાચલ પ્રદેશના કુલ્લુ જિલ્લાના નિરમંડ તાલુકાના હેમચંદ શ્યામલાલ તોતુરામ કૌશલ નામના વ્યક્તિને પકડ્યો. આ ગુનામાં સામેલ અન્ય ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરાયા છે.

ભરૂચ LCB પીઆઈ એમ.પી. વાળાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.વી. શિયાળીયાની ટીમે આ કાર્યવાહી કરી હતી. પાલેજ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે અને આગળની તપાસ ચાલી રહી છે.



### શ્રુતી હસને એક ખાસ મુલાકાતમાં જણાવ્યું

# હું તો પ્રાર્થના કરૂ છું કે, પુરૂષોને પણ પીરિયડ્સ આવે અને ક્રેમ્પ આવે: શ્રુતી

મુંબઇ

બોલિવૂડ અને સાઉથના સિનેમાની સુપરસ્ટાર એક્ટ્રેસ શ્રુતી હસને એક ખાસ મુલાકાતમાં જે વાત કહી એ ચર્ચામાં છે. દિલ ખોલીને વાત કરનારી અને પોતાના બેબાક અંદાજથી પણ જાણીતી એક્ટ્રેસ પીરિયડ્સ પર ખુલ્લા મન સાથે વાત કરી હતી. આ સિવાય શારીરિક સમસ્યા સાથે જોડાયેલી વાત પણ બેબાક અંદાજમાં કહી. શ્રુતીએ ખુલાસો કર્યો હતો કે, પીરિયડ્સ દરમિયાન થનારી પીડા અને સમાજમાં આને લઈ જે દ્રષ્ટિકોણ છે એને લઈ ઘણીવાર મહિલાઓને પરેશાનીનો સામનો કરવો પડે છે. જ્યારે કોઈ પુરૂષને કે મેલ કો-સ્ટારને ઘુંટણમાં પણ દર્દ થાય છે તો ફિલ્મના ક્રૂએ એમને એમના હિસાબથી કામ આપ્યું પણ જ્યારે એક મર્દ મહિલાને દર મહિને થનારા આ દર્દને સમજનારા કોઈ નથી. ફિલ્મ શુટિંગ દરમિયાન અનેક એવા કલાકારોને આવી અનેક પ્રકારની મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે છે. પણ કેટલીક તકલીફ એવી પણ હોય છે જેના અંગે સેટ પર વાત કરવી લાંબા સમય સુધી આસાન નથી. એક્ટ્રેસ સોહા અલીખાન સાથેના એક ખાસ પોડકાસ્ટમાં શ્રુતીએ મન મૂકીને વાત કરી હતી. પીરિયડ્સ વખતે થતી પીડા અને શુટિંગ સમયે એને મેનેજ કરવા અંગે પોતાનો અનુભવ શૅર કર્યો હતો. ફિલ્મી કરિયરની શરૂઆતમાં સેટ હું પીરિયડ્સ અંગે કોઈ દિલ ખોલીને વાતચીત કરી શકતી ન હતી.

મજાકીય અંદાજમાં મેં તો પ્રભુને પ્રાર્થના કરી છે કે, પુરૂષોને પણ પીરિયડ્સ થાય. એમને પણ પીરિયડ્સ આવે. જો આવું શક્ય હોત તો કદાચ વર્કકોન્ટ્રાક્ટમાં જ પીરિયડ્સ લીવ લખી દેવામાં આવત. એ વાત સાચી છે કે, હું પોલિસિસ્ટિક ઓવરી સિંડ્રોમથી પીડિત છું. આ કારણે પીરિયડ્સ દરમિયાન ખૂબ જ વધારે પડતી પીડા થાય છે. આ વિષય પર વાત કરવી એ કોઈ સામાજિક મર્યાદા ન હતી પણ લોકો જ આ અંગે કોઈ વાત કરવા માગતા ન હતા. આ જ વસ્તુ સેટ પર હતી. જ્યારે શુટિંગ દરમિયાન મારી એનર્જી ઓછી દેખાતી હતી અથવા હું બીજાથી થોડી અલગ પડતી હતી તો ડાયરેક્ટર પરેશાન થઈ જતા હતા. મને યાદ છે કે, એકવાર એક મેલ સ્ટારને એના ઘુંટણની સર્જરી દરમિયાન એક સ્પેશ્યલ ટ્રિટમેન્ટ આપવામાં આવી રહી હતી.

**પીરિયડ્સ દરમિયાન ખૂબ જ વધારે પડતી પીડા થાય છે. આ વિષય પર વાત કરવી એ કોઈ સામાજિક મર્યાદા ન હતી પણ લોકો જ આ અંગે કોઈ વાત કરવા માગતા ન હતા**

# ભાષાની ટ્રોલિંગ પર રશ્મિકાએ આપ્યો જવાબ

## ફિલ્મોમાં પોતાના ઉચ્ચારણને લઈને થતી બિનજરૂરી ચર્ચાઓ પર રશ્મિકા મંદાના વધુ ધ્યાન આપતી નથી



મુંબઈ

અભિનેત્રી રશ્મિકા મંદાનાએ અલગ-અલગ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ કરતી વખતે પોતાના ઉચ્ચાર અને ભાષાને લઈને થતી ટ્રોલિંગનો જવાબ આપ્યો. તેમણે કહ્યું કે તે કોઈ એક ભાષામાં જરૂરી નથી કે ખૂબ સારી હોય. તેમની સફર અલગ-અલગ ભાષાઓ અને પાત્રો અનુસાર સતત ઢળવાની રહી છે. હિંદુસ્તાન ટાઈમ્સને આપેલા ઈન્ટરવ્યૂમાં રશ્મિકાએ કહ્યું કે તે દરેક ભાષાને પોતાની ભાષા માને છે.

રશ્મિકાએ કહ્યું, “હું કોડવા છું અને કોડવા તક બોલું છું. મારી માતૃભાષા માટે કોઈ ફિલ્મ ઈન્ડસ્ટ્રી નથી. તેથી ભાષા મારા કરિયરમાં ક્યારેય અડચણ બની નથી.” તેમણે કહ્યું, “હું તમામ ભાષાઓને પોતાની ભાષા માનું છું. મારા ચાહકો, જેમને હું મારું પરિવાર કહું છું, તેમણે સૌથી પહેલાં મને તેલુગુ ફિલ્મ કરવાની વાત કહી હતી.” રશ્મિકાએ જણાવ્યું કે હિન્દીને લઈને પણ આવું જ થયું. આ રીતે તેમની કારકિર્દી અલગ-અલગ ભાષાઓમાં આગળ વધતી ગઈ.

જ્યારે તેમને ઉચ્ચારણને લઈને લોકોની પ્રતિક્રિયાઓ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું કે અલગ રીતે બોલવા અંગે લોકોના અભિપ્રાયો સાંભળવાની હવે તેમને આદત પડી ગઈ છે. રશ્મિકાએ કહ્યું, “જ્યાં સુધી હું કોઈ ભાષામાં પૂછાયેલા સવાલોના જવાબ આપી શકું છું, ત્યાં સુધી બધું ઠીક છે. આ રીતે હું દુનિયાના અલગ-અલગ ભાગોમાંથી આવેલા મારા દર્શકોનું સન્માન કરું છું.” તેમણે આગળ કહ્યું, “હું દરેક કામમાં હાથ અજમાવનારી વ્યક્તિ છું, પરંતુ કોઈ એક કામમાં નિષ્ણાત નથી.” રશ્મિકા ફિલ્મો પર ધ્યાન કેન્દ્રિત રાખે છે રશ્મિકાએ કહ્યું કે ફિલ્મોમાં પોતાના ઉચ્ચારણને લઈને થતી બિનજરૂરી ચર્ચાઓ પર તે વધુ ધ્યાન આપતી નથી. તેના બદલે, તે પોતાના પાત્રને સંપૂર્ણ ક્ષમતા સાથે ભજવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# ઐશ્વર્યા રાયની હમશકલનો જુઓ બોલ્ડ અંદાજ

## બોલિવૂડમાં પગ મૂકતાની સાથે જ પોતાની નશીલી આંખો અને લુક્સમાં ઐશ્વર્યા રાય જેવી દેખાતી હોવાના કારણે સ્નેહા ઉલ્લાલને ‘ઐશ્વર્યા રાયની હમશકલ’ લોકો કહેતા હતા

મુંબઈ

બોલિવૂડમાં પગ મૂકતાની સાથે જ પોતાની નશીલી આંખો અને લુક્સમાં ઐશ્વર્યા રાય જેવી દેખાતી હોવાના કારણે સ્નેહા ઉલ્લાલને ‘ઐશ્વર્યા રાયની હમશકલ’ લોકો કહેતા હતા. અમુક લોકો તો તેને ઐશ્વર્યાની બહેન પણ સમજી બેઠા હતા. આ ચર્ચા આજે પણ યથાવત છે. ત્યારે તાજેતરમાં ગોવા વેકેશન વખતની તેની તસવીરોમાં સ્ટાઈલિશ અંદાજે લોકોનું દિલ જીતી લીધું છે, જેમાં ક્યાંક મિની સ્કર્ટમાં તો ક્યારેક શોટ્ર્સ કે ડ્રેસમાં સ્નેહા પોતાનો ગ્લેમરસ અવતાર બતાવ્યો હતો. 38 વર્ષની સ્નેહા ઉલ્લાલના લુક્સ જોઈને લોકોની નજર તેમના પરથી હટી નહીં.

તેમણે પાર્ટી અને વેકેશન માટે યુવતીઓને પણ ફેશન ગોલ્સ આપ્યા. તેમના દરેક લુકમાં ગ્લેમર સાથે સ્ટાઈલનું પરફેક્ટ કોમ્બિનેશન જોવા મળ્યું. ખાસ વાત એ છે કે ઓછા એલિમેન્ટ્સ સાથે સ્ટાઈલ કરીને તેમણે પોતાના લુક્સને ક્લાસિક બનાવ્યા છે. સ્નેહાનો બ્લેક શોર્ટ ડ્રેસમાં લુક ખૂબ જ ગ્લેમરસ લાગી રહ્યો છે. ડ્રેસની ડીપ વી-નેક, બલૂન સ્ટાઈલ હાફ સ્લીવ્સ અને પ્લીટેડ સ્કર્ટ આઉટફિટમાં ગ્લેમર સાથે ક્યૂટનેસનો ટચ પણ ઉમેરી રહ્યા છે. તેમણે તેને ગોલ્ડન ડિટેલવાળા બેલ્ટ અને બ્રેસલેટ સાથે પેર કર્યો હતો. બ્લેક હીલ્સ અને હળવો સ્મોકી મેકઅપ તેમના લુકને શાનદાર ફિનિશ આપી રહ્યો હતો. બ્લેક કલરના ફ્લોરલ પ્રિન્ટેડ ટોપ સાથે બ્લેક શોટ્ર્સમાં સ્નેહાનો લુક ખૂબ જ ગ્લેમરસ લાગી રહ્યો છે. ટોપ પર બનેલા રેડ રોઝ તેના લુકમાં ફ્રેશનેસ ઉમેરી છે. જ્યારે બ્લેક સનગ્લાસિસ સાથેની તેમની અદાઓ લુકમાં ગ્લેમરનો ટચ ઉમેરી રહી છે. સ્નેહાએ આ લુકને કોઈ વધારાની જ્વેલરી વગર સ્ટાઈલ કર્યો છે અને પોતાના કપડાંને જ હાઈલાઈટ થવા દીધાં છે. સ્નેહાએ બ્લેક કલરનું ટૅન્ક ટોપ અને તેની સાથે મેચિંગ બ્લેક પ્લીટેડ સ્કર્ટ પહેરી હતી. તેને તેમણે વ્હાઈટ કલરના શ્રગ સાથે લેયર કર્યું, જે લુકમાં સુંદર કોન્ટ્રાસ્ટ અને સ્ટાઈલિશ ટચ ઉમેરી રહ્યું હતું. આંખો પર ડાર્ક સનગ્લાસિસ, કાંડા પર વૉચ અને પગમાં કમ્ફર્ટેબલ કેઝ્યુઅલ સેન્ડલ્સ સાથે તેણે પોતાનો સમરી લુક પૂર્ણ કર્યો હતો. તેમનો ઓવરઓલ લુક કૂલ, ચિક અને રિલેક્સ્ડ લાગી રહ્યો હતો.





# શ્વેતાતિવારીનાસ્ટાઈલિશઆઉટફિટે સોશિયલ મીડિયા પર જગાવી ચર્ચા

## અભિનેત્રીએ પોતાના વાળ ખુલ્લા રાખ્યા છે, જે તેના લુકમાં ચાર ચાંદ લગાવી રહ્યા છે, તેણે હળવો મેકઅપ કર્યો છે

મુંબઈ

ટીવીની લોકપ્રિય અભિનેત્રી શ્વેતા તિવારી પોતાની સુંદરતા અને સ્ટાઈલિશ અંદાજ માટે જાણીતી છે. ફિટનેસના મામલે તે પોતાની દીકરી પલક તિવારીને પણ ટક્કર આપે છે. તાજેતરમાં શ્વેતાએ પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર કેટલીક શાનદાર તસવીરો શેર કરી હતી, જેમાં તે ખૂબ જ સુંદર લાગી રહી છે.

શ્વેતા તિવારીએ શેર કરેલી તસવીરોમાં તે બ્લેક અને બ્લૂ કલરના આઉટફિટમાં જોવા મળી રહી છે. તેણે બ્લેક ટોપ પહેર્યું છે, જેની સ્લીવ્સ પર સ્ટાઈલિશ સ્ટ્રેપ્સ લગાવવામાં આવ્યા છે. આ ડિઝાઈનને કારણે તેનો લુક વધુ આકર્ષક લાગી રહ્યો છે.

અભિનેત્રીએ પોતાના વાળ ખુલ્લા રાખ્યા છે, જે તેના લુકમાં ચાર ચાંદ લગાવી રહ્યા છે. તેણે હળવો મેકઅપ કર્યો છે અને કાનમાં સિલ્વર ઈયરરિંગ્સ પહેર્યાં છે. તસવીરોમાં શ્વેતા કેમેરા સામે અલગ-અલગ અંદાજમાં પોઝ આપતી જોવા મળી રહી છે.

ફેશન સેન્સ અને ફિટનેસ ઉપરાંત જો અભિનેત્રીની કારકિર્દીની વાત કરીએ તો શ્વેતા તિવારીને સૌપ્રથમ 1999માં આવેલા શો ‘કલીરે’માં જોવા મળી હતી ત્યાર બાદ સિરિયલ ‘કસૌટી જિંદગી કી’થી તે ઘરે ઘરે જાણીતી બની હતી. ટીવી સિરિયલ્સ ઉપરાંત શ્વેતા તિવારી ‘મિલે ના મિલે હમ’, ‘બિન બુલાયે બારાતી’ અને ‘સિંઘમ અગેઈન’ જેવી ફિલ્મોમાં પણ જોવા મળી ચૂકી છે. આ ઉપરાંત તે ‘હમ તુમ એન્ડ ઘેમ’ અને ‘ડૂ યુ વાના પાર્ટનર’ જેવા પ્રોજેક્ટ્સનો પણ હિસ્સો રહી ચૂકી છે. શ્વેતા તિવારીનો આ સ્ટાઈલિશ લુક સોશિયલ મીડિયા પર પણ ચર્ચામાં છે. તેની તસવીરોમાં તેનો ગ્લેમરસ અને ફેશન-ફોરવર્ડ અંદાજ જોવા મળી રહ્યો છે. ટીવીની લોકપ્રિય અભિનેત્રી શ્વેતા તિવારી પોતાની સુંદરતા અને સ્ટાઈલિશ અંદાજ માટે જાણીતી છે. ફિટનેસના મામલે તે પોતાની દીકરી પલક તિવારીને પણ ટક્કર આપે છે.

# ભાગેડુ લલિત મોદીની ભૂમિકા ભજવવા માટે રણવીર સિંહ તત્પર: લંડન જઈને IPLના સ્થાપક સામે ઈચ્છા વ્યક્ત કરી હતી

મુંબઈ

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)ના સ્થાપક લલિત મોદીના જીવન પર ફિલ્મ બનવા જઈ રહી છે. ’પિંકવિલા’ (એન્ટરટેઈનમેન્ટ વેબસાઈટ)ના અહેવાલ મુજબ, આ બાયોપિકને સાજિદ નડિયાદવાલા પોતાના બેનર ’નડિયાદવાલા ગ્રાન્ડસન એન્ટરટેઈનમેન્ટ’ હેઠળ પ્રોડ્યુસ કરશે.

ફિલ્મની સ્ક્રિપ્ટ લખવાનું કામ પૂર્વ ટીવી એક્ઝિક્યુટિવ અને પ્રોડ્યુસર સ્નેહા રજની કરી રહ્યાં છે. આ ફિલ્મ લલિત મોદીના શરૂઆતના જીવન, IPLની શરૂઆત, તેમની સફળતા અને બાદમાં જોડાયેલા વિવાદો પર આધારિત હશે.

થોડા સમય પહેલાં રણવીર સિંહે લલિતની ભૂમિકા ભજવવામાં રસ દાખવ્યો હતો. ન્યૂઝ એજન્સી ANIને આપેલા ઈન્ટરવ્યૂમાં લલિત મોદીએ પણ પુષ્ટિ કરી હતી કે રણવીર તેમનું પાત્ર ભજવવા માગે છે. લલિત છેલ્લા લગભગ 16 વર્ષથી લંડનમાં રહે છે. મેકર્સ આ બાયોપિકમાં લલિત મોદીની માત્ર હેડલાઈન્સ અને વિવાદો પર ધ્યાન આપવાને બદલે તેમના અંગત જીવન અને કારકિર્દીના વિવિધ પાસાઓ દર્શાવવા માગે છે. ફિલ્મનું લેખન અને ડેવલપમેન્ટનું કામ હજુ ચાલુ છે. ANI સાથેની વાતચીતમાં લલિત મોદીએ જણાવ્યું હતું કે, સ્નેહા રજનીના નેતૃત્વ હેઠળની એક ટીમ તેમના ડઝનબંધ ઈન્ટરવ્યૂ લઈ ચૂકી છે. તેમણે એ પણ ખુલાસો કર્યો હતો કે, થોડાં વર્ષો પહેલાં એક્ટર રણવીર સિંહ તેમને મળવા લંડન પહોંચ્યા હતા અને તેમણે બાયોપિકમાં લલિત મોદીનું પાત્ર ભજવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જોકે, સ્ટાર કાસ્ટ અને ડિરેક્ટરને લઈને હજુ સુધી સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. લલિત મોદીનું નામ ભારતીય ક્રિકેટ, બિઝનેસ અને મનોરંજનને એકસાથે લાવવા માટે જાણીતું છે.



### જાપાનમાં ગૂંજ્યો ભારતનો નારો, ભારત આ વખતે 36 રમતોમાં 501 સભ્યો સાથે હાંગઝોઉનો સર્વશ્રેષ્ઠ રેકોર્ડ તોડવા મેદાનમાં

# એશિયન ગેમ્સ 2026નો ભવ્ય પ્રારંભ: મનુ અને પવનના હાથમાં તિરંગો

નાગોયા

જાપાનના આઈચી-નાગોયામાં 20મી એશિયન ગેમ્સનો શનિવારે ભવ્ય પ્રારંભ થયો. જાપાનના સમ્રાટ નારુહિતોએ મિઝુહો પાર્ક એથ્લેટિક સ્ટેડિયમમાં રમતોત્સવ ખુલ્લો મૂક્યો. ભારતીય દળની આગેવાની નિશાનેબાજ મનુ ભાકર અને કબડ્ડી ખેલાડી પવન સેહરાવતે કરી, જેમણે હાથમાં તિરંગો લહેરાવ્યો. ભારત આ વખતે 36 રમતોમાં 501 સભ્યો સાથે હાંગઝોઉનો સર્વશ્રેષ્ઠ રેકોર્ડ તોડવા મેદાનમાં છે. એશિયાના સૌથી મોટા રમત મહોત્સવ એટલે કે 20મી એશિયન ગેમ્સનો શનિવારે જાપાનના આઈચી-નાગોયામાં રંગારંગ અને હાઈટેક ઓપનિંગ સેરેમની સાથે સત્તાવાર પ્રારંભ થઈ ગયો છે. મિઝુહો પાર્ક એથ્લેટિક સ્ટેડિયમ ખાતે જાપાનના સમ્રાટ નારુહિતોએ આ રમતોત્સવની સત્તાવાર શરૂઆત જાહેર કરી હતી. આ ભવ્ય પરેડ ઓફ નેશન્સ દરમિયાન ભારતીય દળની આગેવાની ડબલ ઓલિમ્પિક મેડલ વિજેતા નિશાનેબાજ મનુ ભાકર અને સ્ટાર કબડ્ડી પ્લેયર પવન સેહરાવતે હાથમાં તિરંગો લઈને કરી હતી. ઓલિમ્પિક કાઉન્સિલ ઓફ એશિયાના પ્રમુખ શેખ જોઆન બિન હમદ અલ થાની અને ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના પ્રમુખ કિર્સ્ટી કોવેન્ટ્રી તેમજ જાપાની શાહી પરિવારના સભ્યોની ઉપસ્થિતિમાં સમ્રાટ નારુહિતોએ એશિયન ગેમ્સ 2026ને ખુલ્લી મૂકી હતી. 2 કલાક ચાલેલા આ સમારોહની શરૂઆત જાપાનના રાષ્ટ્રગીત અને ધ્વજવંદન



સાથે થઈ હતી, જ્યાં જાપાની સેલ્ફ-ડિફેન્સ ફોર્સિસના 9 જવાનો રાષ્ટ્રધ્વજ મંચ પર લાવ્યા હતા. આ સમારોહમાં ગેમ્સના સત્તાવાર મેસ્કોટ 'હોનોહોન'ની વિશેષ પ્રસ્તુતિ થઈ હતી. જાપાનીઝ ભાષામાં 'જ્વાળા' માટે વપરાતા પ્રાચીન શબ્દ પરથી આ નામ લેવાયું છે, જે રમતવીરોના જુસ્સા, ઉર્જા અને સપના સાકાર કરવાની અંદરની આગનું પ્રતીક છે. પેલોમા મિઝુહો સ્ટેડિયમમાં ભારતીય ત્રિરંગો લહેરાવતી વખતે પેરિસ ઓલિમ્પિક્સ 2024 માં 2 બ્રોન્ઝ મેડલ જીતનારી મનુ ભાકર ભાવુક નજરે પડી હતી. મનુ ભાકરે જણાવ્યું કે, આટલા મોટા વૈશ્વિક મંચ પર દેશના ધ્વજવાહક બનવું એ મારા માટે અત્યંત ગર્વ અને ભાવનાત્મક ક્ષણ છે.

## એશિયા કપની બંને ટ્રોફી ભારત આવશે

મુંબઈ

ભારતીય પુરુષ અને મહિલા ક્રિકેટ ટીમો દ્વારા જીતવામાં આવેલી એશિયા કપની ટ્રોફી હાલ BCCI પાસે નથી. આ મુદ્દે BCCIના સેક્રેટરી દેવજીત સૈકિયાએ જણાવ્યું કે, બંને ટ્રોફી એક દિવસ મુંબઈમાં BCCIના મુખ્ય મથકે ચોક્કસ પહોંચશે. પાકિસ્તાનના ગૃહમંત્રી અને ACC પ્રમુખ મોહસિન નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનો ઈનકાર કરાયો હતો. ભારતીય પુરુષ અને મહિલા ક્રિકેટ ટીમો દ્વારા જીતવામાં આવેલી એશિયા કપની ટ્રોફી હાલ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) પાસે નથી. આ મુદ્દે હવે બીસીસીઆઈના સેક્રેટરી દેવજીત સૈકિયાએ મહત્વનું નિવેદન આપ્યું છે. સૈકિયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, બંને ટ્રોફી એક દિવસ બીસીસીઆઈના મુખ્ય મથકે ચોક્કસ પહોંચશે, જોકે તેમણે આ માટે કોઈ ચોક્કસ સમયમર્યાદા આપવાનો ઈનકાર કર્યો છે. શુક્રવારે યોજાયેલી બીસીસીઆઈની 95મી વાર્ષિક સામાન્ય સભા (AGM) બાદ પત્રકારો સાથે વાતચીતમાં તેમણે આ સ્પષ્ટતા કરી હતી. ભારતની પુરુષ અને મહિલા ટીમોએ એશિયા કપનો ખિતાબ જીત્યા બાદ ટ્રોફી સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો. એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)ના પ્રમુખ મોહસિન નકવી ટ્રોફી આપવા માટે હાજર હતા, જેઓ પાકિસ્તાન સરકારમાં ગૃહમંત્રી પણ છે. ભારતીય પુરુષ ટીમે દુબઈમાં પાકિસ્તાનને હરાવીને એશિયા કપ T20 ટુર્નામેન્ટ જીતી હતી, જ્યારે ભારતીય મહિલા ટીમે આ મહિનાની શરૂઆતમાં શ્રીલંકાને માત આપીને ખિતાબ પોતાના નામે કર્યો હતો.

### રચિન ડાઈવ મારતી વખતે ખભો ડિસલોકેટ થતા ઈજાગ્રસ્ત થયો

## શૂટિંગ વચ્ચે કેચ પકડવા જતા સ્ટાર ક્રિકેટર દુર્ઘટનાનો શિકાર

નવી દિલ્હી

ભારત સામેની T20I શ્રેણી પહેલા ન્યુઝીલેન્ડને મોટો ઝટકો લાગ્યો છે. સ્ટાર ઓલરાઉન્ડર રચિન રવિન્દ્ર ઓકલેન્ડમાં પ્રમોશનલ શૂટ દરમિયાન ડાઈવ મારતી વખતે ખભો ડિસલોકેટ થતા ઈજાગ્રસ્ત થયો છે. મેડિકલ તપાસમાં કોઈ મોટી ઈજા ન હોવાનું જણાયું, પણ તેની આગામી મેચોમાં રમવા પર શંકા છે. 22 ઓક્ટોબરથી શરૂ થતી શ્રેણી માટે પસંદગીકારો રચિનની ફિટનેસ રિપોર્ટ પર નજર રાખી રહ્યા છે. ભારત સામેની આગામી પાંચ મેચોની T20I સીરિઝ શરૂ થાય તે પહેલા ન્યુઝીલેન્ડ ક્રિકેટ ટીમને એક મોટો આંચકો લાગ્યો છે. ટીમનો સ્ટાર ઓલરાઉન્ડર રચિન રવિન્દ્ર પ્રમોશનલ શૂટ દરમિયાન



ઈજાગ્રસ્ત થવાના કારણે આગામી મેચોમાં રમવા પર શંકાના વાદળો ઘેરાયા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઓકલેન્ડમાં 16 સપ્ટેમ્બરના રોજ એક પ્રમોશનલ શૂટ દરમિયાન ડાઈવ લગાવીને કેચ પકડતી વખતે તેનો જમણો ખભો ડિસલોકેટ થઈ ગયો હતો. જોકે, રાહતની વાત એ છે કે મેડિકલ તપાસમાં કોઈ મોટી સ્ટ્રક્ચરલ ડેમેજની વાત સામે આવી નથી અને તે ગંભીર ઈજાગ્રસ્ત થવાથી બચી ગયો છે. ઘટના બાદ મેડિકલ સ્પેશિયાલિસ્ટ્સ દ્વારા શુક્રવારે રચિનની પ્રારંભિક તપાસ કરવામાં આવી હતી. ન્યુઝીલેન્ડના પર્ફોર્મન્સ મેનેજર માઈક સેન્ડલે આ દુર્ઘટનાને એક ફ્રીક એક્સિડેન્ટ ગણાવી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે ટીમ મેનેજમેન્ટ રચિનની સારી રીતે રિકવરી કરાવવા અને તેને જલ્દી મેદાન પર પાછા લાવવાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે.

## BCCIમાં મોટી ઉથલપાથલ, અજિત અગરકર ચીફ સિલેક્ટર પદ છોડશે

### નવી એજ વેરિફિકેશન અને સેક્સ્યુઅલ હેરેસમેન્ટ પોલિસી પણ અપનાવાઈ છે

ઈસ્લામાબાદ

BCCIની 95મી AGMમાં અનેક મહત્વના નિર્ણયો લેવાયા છે. ચીફ સિલેક્ટર અજીત આગરકરનો 4 ઓક્ટોબરે કાર્યકાળ પૂરો થતા તેઓ પદ છોડશે. આ અંગે અંતિમ નિર્ણય લેવાની સત્તા અધિકારીઓને અપાઈ છે. જૂનિયર સિલેક્શન કમિટીના 5 પદો 15 દિવસમાં ભરાશે. અમ્પાયરોના દૈનિક ભથ્થામાં વધારો કરાયો છે, જે હવે Rs 35,000 થી Rs 60,000 સુધી રહેશે. નવી એજ વેરિફિકેશન અને સેક્સ્યુઅલ હેરેસમેન્ટ પોલિસી પણ અપનાવાઈ છે.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ની 95 મી એન્યુઅલ જનરલ મીટિંગ (AGM) માં અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠક દરમિયાન સૌથી મોટી ચર્ચા ચીફ સેલેક્ટર



અજીત આગરકરના ભવિષ્યને લઈને રહી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, અજીત આગરકર હવે આ પદ પર આગળ ચાલુ રહેવાની ઈચ્છા ધરાવતા નથી. તેમનો વર્તમાન કાર્યકાળ 4 ઓક્ટોબરે પૂરો થઈ રહ્યો છે. અજીત આગરકરનો કાર્યકાળ અને AGM ના અધિકારો. અહેવાલ મુજબ, અજીત આગરકર સાથે જોડાયેલા એક સૂત્રએ પુષ્ટિ કરી છે કે તેમણે અગાઉથી જ BCCI ને આ બાબતે જાણ કરી દીધી છે. શુક્રવારે મળેલી AGM દરમિયાન BCCI એ અધિકારીઓને સિલેક્શન કમિટીઓ સાથે જોડાયેલા મામલાઓ પર અંતિમ નિર્ણય લેવાની સત્તા આપી દીધી છે. આ બેઠકમાં ભારતના પૂર્વ કપ્તાન સૌરવ ગાંગુલી અને પૂર્વ ફાસ્ટ બોલર વેંકટેશ પ્રસાદ સહિત અનેક રાજ્ય સદસ્ય બોર્ડના પ્રતિનિધિઓ સામેલ થયા હતા. જૂનિયર સિલેક્શન કમિટી અને ફિલ્ડિંગ કોચ અંગે અપડેટ સીનિયર સિલેક્શન કમિટીના પ્રમુખના ભવિષ્ય ઉપરાંત, BCCI જૂનિયર સિલેક્શન કમિટીના તમામ 5 પદોને ભરવા પર પણ ગંભીરતાથી વિચાર કરી રહી છે. બોર્ડના સેક્રેટરી દેવજીત સાઈકિયાએ જણાવ્યું કે જૂનિયર સિલેક્શન કમિટી માટે મોટી સંખ્યામાં અરજીઓ મળી છે અને આગામી 15 દિવસની અંદર આ પ્રક્રિયા પૂર્ણ કરવાનો લક્ષ્યાંક છે. ભારતીય ફિલ્ડિંગ કોચ શુભદીપ ઘોષની નિમણૂક શોર્ટ-ટર્મ માટે કરવામાં આવી છે, અને તેમના પ્રદર્શનની સમીક્ષા કર્યા બાદ અંતિમ નિર્ણય લેવામાં આવશે. જનરલ બોડીએ અમ્પાયરો અને મેચ રેફરીઓ માટે વધુ સારા પેમેન્ટ સ્ટ્રક્ચર તથા ગ્રેડ્સના પુનર્ગઠનને મંજૂરી આપી દીધી છે. બદલાયેલા નવા ગ્રેડ (A, B, C અને D) મુજબ હવે ડોમેસ્ટિક અને અન્ય મેચો માટે દૈનિક ભથ્થું ક્રમશઃ Rs 60,000, Rs 50,000, Rs 40,000 અને Rs 35,000 સુધી કરવામાં આવ્યું છે.

## બિઝનેસ

### પાસવર્ડ ગેસ કરીને ઍક્સેસ લીધો; મસ્ક અને ઓલ્ટમેનની ચેતવણી

# ગૂગલ જેમિનીએ 3 કંપનીઓ હેક કરતાં વિશ્વમાં હડકંપ

મુંબઈ

ગૂગલના AI મોડલ જેમિનીએ સાયબર સિક્યુરિટી ટેસ્ટિંગ દરમિયાન 3 કંપનીઓની કમ્પ્યુટિંગ સિસ્ટમ્સ અને વેબસાઈટ્સને કોઈ પણ માનવીય મદદ વિના હેક કરી લીધી. આ પહેલો એવો કિસ્સો છે, જેમાં ગૂગલનું કોઈ AI મોડલ પોતાની રીતે કોઈ વાસ્તવિક સિસ્ટમમાં ઘૂસી ગયું. જોકે, AIને જ્યારે અહેસાસ થયો કે આ કંપનીઓ વાસ્તવિક છે, ત્યારે તેણે તરત જ પોતાનું ઓપરેશન અટકાવી દીધું. ગૂગલે આ ટેસ્ટિંગ બાદ કહ્યું છે કે તેઓ AI મોડલની ટ્રેનિંગમાં ફેરફાર કરશે. પરંતુ, ત્યાર બાદ ટેક ઈન્ડસ્ટ્રીમાં સિક્યુરિટીને લઈને ચિંતા વધી ગઈ છે. ગૂગલે કહ્યું-



AI જનરેટેડ

ટેસ્ટિંગમાં ફેરફાર કરવાની તૈયારી ગૂગલના સિક્યોરિટી એન્જિનિયરિંગના વાઈસ પ્રેસિડેન્ટ હીથર એડકિન્સે જણાવ્યું કે ત્રણેય અસરગ્રસ્ત કંપનીઓને તેની જાણકારી આપી દેવામાં આવી છે અને તપાસની પદ્ધતિઓમાં જરૂરી સુધારા કરી લેવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આ મામલો દર્શાવે છે કે શક્તિશાળી AI મોડલ્સને જવાબદારીપૂર્વક કામ કરવાની તાલીમ આપવી કેટલી જરૂરી છે. મેટા, ઓપનAI અને એન્થ્રોપિક સાથે પણ આવી સમસ્યાઓ આવી ચૂકી છે ઈરેગ્યુલર ફર્મના જણાવ્યા મુજબ, આ સમસ્યા માત્ર ગૂગલ સુધી મર્યાદિત નહોતી, પરંતુ ઓપનAI, મેટા અને એન્થ્રોપિક જેવી મોટી AI કંપનીઓ સાથે પણ આવું થયું છે. જુલાઈમાં જ તમામ કંપનીઓને તેની જાણકારી આપી દેવામાં આવી હતી. ફર્મે જણાવ્યું કે સુરક્ષાની તમામ ખામીઓને અઠવાડિયા પહેલાં જ ઠીક કરી દેવામાં આવી છે અને હવે તપાસની નવી અને વધુ સારી પદ્ધતિઓ વિકસાવવામાં આવી રહી છે.

જેમ જેમ AI મોડલ્સ પોતે નિર્ણયો લેવા અને ઈન્ટરનેટ ચલાવવા સક્ષમ બની રહ્યા છે, તેમ તેમ તેમની સુરક્ષાને લઈને ચિંતા વધી રહી છે. નિષ્ણાતોનું કહેવું છે કે જો AI પર કડક સુરક્ષા નિયમો લાગુ કરવામાં નહીં આવે, તો તે ડિજિટલ દુનિયાને મોટું નુકસાન પહોંચાડી શકે છે.

### ઓટોમેટેડ કૉલ્સ પર પ્રતિ મિનિટ 5 પૈસાનો ચાર્જ લાગશે

## સ્પામ-કૉલ કરનારા નંબરો એક વર્ષ માટે બ્લેકલિસ્ટ કરાશે, TRAIએ હવે નવા નિયમો લાગુ કર્યા...

અમદાવાદ

ભારતીય ટેલિકોમ નિયમનકારી સત્તામંડળે છેતરપિંડીભર્યા અને અનિચ્છનીય વ્યાવસાયિક કૉલ્સને રોકવા માટે આજે નવા નિયમો લાગુ કર્યા છે. આ અંતર્ગત રોબોકૉલ્સ, ઑટોમેટેડ કૉલ્સ અને AI આધારિત સ્પામ ઓળખને નિયમનકારી દાયરામાં લાવવામાં આવ્યા છે. જો કોઈ સ્પામરના 5 અથવા તેનાથી વધુ નંબર 10 દિવસમાં ઓળખાય છે, તો તેનું ટેલિકોમ કનેક્શન કાપી શકાય છે અને તેને 1 વર્ષ માટે બ્લેકલિસ્ટ કરી શકાય છે. આ ઉપરાંત ઑટોમેટેડ કૉલ્સ પર પ્રતિ મિનિટ 5 પૈસાનો ચાર્જ પણ લાગશે. ટેલિકોમ કંપનીઓ હવે સ્પામ કૉલ્સ/મેસેજ મોકલનારા નંબરોની




ઓળખ કરશે. 10 દિવસમાં એક જ વ્યક્તિ અથવા કંપનીના 5 નંબર શંકાસ્પદ જણાય, તો તપાસ શરૂ થશે. તપાસ દરમિયાન રી-કેવાયસી થશે, આઉટગોઈંગ કૉલ્સ બંધ કરવામાં આવશે અને વારંવાર ભૂલ કરવા પર સિમ કાયમ માટે બંધ કરી દેવામાં આવશે. ઓટોમેટિક, રોબોકોલ્સ અને રેકોર્ડેડ અવાજવાળા કૉલ્સને હવે ટ્રાઈના કડક નિયમોના દાયરામાં લાવવામાં આવ્યા છે. આવા કૉલ્સ કરતી કંપનીઓએ અગાઉથી ટેલિકૉમ ઑપરેટરને જણાવવું પડશે કે તેઓ કયા નંબરનો ઉપયોગ કરશે.

પૂર્વ જાણકારી આપ્યા વિના કરવામાં આવેલા કોઈપણ ઑટોમેટિક કૉલને સ્પામ માનીને બ્લૉક કરી દેવામાં આવશે. કંપનીઓએ નકલી અથવા જાણ કર્યા વિના કરવામાં આવેલા ઑટોમેટિક કૉલ્સ પર પ્રતિ મિનિટ 5 પૈસાનો દંડ ચૂકવવો પડશે. 140/160 જેવા સત્તાવાર કમર્શિયલ નંબરો અથવા સરકાર દ્વારા માન્ય કૉલ્સને આ દંડમાંથી છૂટ મળશે. સ્પામ કૉલ્સ પર ઝડપી કાર્યવાહી માટે યુઝર્સની ફરિયાદોને AI સાથે જોડવામાં આવી છે.

### સોનું ₹1789 વધીને ₹1.54 લાખે પહોંચ્યું

# ચાંદી આ અઠવાડિયે ₹7988 મોંઘી, ₹2.37 લાખે પહોંચી

### બીજી તરફ, 10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવ 1.52 લાખ રૂપિયાથી વધીને 1,54 લાખ રૂપિયા થઈ ગયા છે. આ અઠવાડિયે તેની કિંમતમાં 1,789 રૂપિયાનો વધારો થયો છે

નવી દિલ્હી

આ અઠવાડિયે સોના-ચાંદીના ભાવમાં તેજી રહી. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, એક કિલો ચાંદીના ભાવ 7,988 રૂપિયા વધીને 2.37 લાખ રૂપિયા થઈ ગયા છે. આ પહેલાં ગયા અઠવાડિયે એટલે કે 11 સપ્ટેમ્બરે તેનો ભાવ 2.29 લાખ રૂપિયા હતો. બીજી તરફ, 10 ગ્રામ 24 કેરેટ સોનાના ભાવ 1.52 લાખ રૂપિયાથી વધીને 1,54 લાખ રૂપિયા થઈ ગયા છે. આ અઠવાડિયે તેની કિંમતમાં 1,789 રૂપિયાનો વધારો થયો છે. પરિવહન અને સુરક્ષા: એક શહેરથી બીજા શહેરમાં સોનું લઈ જવામાં ઈંધણ અને સુરક્ષા ખર્ચ જોડાય છે, જેના કારણે અંતર વધતાં ભાવ વધે છે.



ખરીદીનું પ્રમાણ: દક્ષિણ ભારતમાં વધુ વપરાશ (લગભગ 40%) હોવાને કારણે જ્વેલર્સ મોટી ખરીદી કરે છે, પરંતુ ડિસ્કાઉન્ટનો લાભ મર્યાદિત રહે છે. સ્થાનિક જ્વેલરી એસોસિએશન: રાજ્ય અને શહેરના જ્વેલરી એસોસિએશન સ્થાનિક માંગ-પુરવઠાના આધારે દર નક્કી કરે છે. જૂનો સ્ટોક અને ખરીદી કિંમત: જ્વેલર્સે જે ભાવે ખરીદી કરી હોય તે નક્કી કરે છે કે તેઓ ગ્રાહકોને કેટલી કિંમતે વેચશે. ડિસેમ્બર સુધીમાં સોનું 1.70 લાખ અને ચાંદી 3 લાખ સુધી પહોંચી શકે છે કોટક સિક્યોરિટીઝના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અનિન્દ્ય બેનર્જીના જણાવ્યા અનુસાર, સામાન્ય લોકોની સાથે RBI જેવી દુનિયાભરની સેન્ટ્રલ બેંકો પણ સતત સોનું ખરીદી રહી છે. આગળ અનિશ્ચિતતાના માહોલમાં પણ સોનામાં તેજી ચાલુ રહેશે અને પરિસ્થિતિ સુધરતાં ચાંદીમાં પણ મોટો ઉછાળો આવશે. હાલના વલણને ધ્યાનમાં લેતાં ડિસેમ્બર સુધીમાં સોનું 1.70 લાખ અને ચાંદી 3 લાખ સુધી પહોંચી શકે છે. આ વર્ષે સોનું 21 હજાર મોંઘું થયું આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે.

2026માં અત્યાર સુધી સોનું 21 હજાર મોંઘું થઈ ચૂક્યું છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનું 1.33 લાખના ભાવે હતું, જે હવે 1.54 લાખ પર પહોંચી ગયું છે. બીજી તરફ, 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદી 2.30 લાખ પ્રતિ કિલો હતી, જે હવે 2.37 લાખ પર પહોંચી ગઈ છે. આ દરમિયાન 29 જાન્યુઆરીએ સોનાએ 1.76 લાખ અને ચાંદીએ 3.86 લાખની ઓલટાઈમ હાઈ સપાટી પણ બનાવી હતી.

## UPIના જમાનામાં કેશ ઈન સર્ક્યુલેશનની માત્રામાં નોંધપાત્ર વધારો

- **RBIના ડેટા મુજબ, ઓગસ્ટના અંતે કેશ ઈન સર્ક્યુલેશન ₹42.86 ટ્રિલિયન હતું, જે 12.50% વધુ છે**

મુંબઈ

રોકડ વ્યવહાર ઘટાડવા માટે વર્તમાન સરકારે ૨૦૧૬ની નોટબંધી બાદ દેશમાં ડિજિટલ પેમેન્ટ વ્યવસ્થાને પ્રોત્સાહન આપવાનું શરૂ કર્યુ હતું જેને પ્રારંભિક વર્ષોમાં સફળતા પણ મળી હતી પરંતુ સમય જતા ડિજિટલ પેમેન્ટસ તરફ ગ્રાહકોનું આકર્ષણ ઘટી રહ્યાનું રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના ડેટા પરથી સંકેત મળી રહ્યા છે. વર્તમાન વર્ષના ઓગસ્ટના અંતે દેશોમાં કેશ ઈન સર્ક્યુલેશનનો આંક રૂપિયા ૪૨.૮૬ ટ્રિલિયન રહ્યો હતો જે ગયા વર્ષના ઓગસ્ટની સરખામણીએ ૧૨.૫૦ ટકા વધુ હતો. ગયા વર્ષના ડિસેમ્બરથી કેશ ઈન સર્ક્યુલેશનમાં દ્વીઅંકમાં વધારો થઈ રહ્યો છે. નાણાં વર્ષ ૨૦૧૮ના અંતે કેશ ઈન સર્ક્યુલેશનનો આંક જીડીપીના ૧૦.૭૦ ટકા હતો તે નાણાં વર્ષ ૨૦૨૬ના અંતે વધી જીડીપીના ૧૨.૧૦ ટકા પર પહોંચી ગયો હતો. કેશ ઈન સર્ક્યુલેશનની સાથોસાથ યુપીઆઈ વ્યવહાર વોલ્યુમ પણ ઓગસ્ટમાં વાર્ષિક ધોરણે ૨૨.૫૦ ટકા વધ્યુ છે. મૂલ્યની દ્રષ્ટિએ આ આંક વીસ ટકા રહ્યો છે. દરમિયાન યુપીઆઈ વ્યવહાર મરચંટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) ચાર્જિસ લેવાના સરકારના નિર્ણયને કારણે દેશમાં રોકડ વ્યવહારમાં વધારો થવાની શકયતા જોવાઈ રહી છે.

# સરકારી રૂપિયે જાહોજલાલી! ગુજરાત યુનિ.ના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાનો ભ્રષ્ટાચાર ઉઘાડો!!

## લિપસ્ટિક, કપડાં અને બ્યુટી પ્રોડક્ટ્સનો ખર્ચ યુનિવર્સિટીના ફંડમાંથી ચૂકવાયો



અમદાવાદ

'કોના બાપની દિવાળી...?' - સરકારી પદનો દુરુપયોગ કરીને જનતાના પરસેવાના પૈસા કેવી રીતે ઉડાડી શકાય, તેનો જીવંત અને ચોંકાવનારો દાખલો ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ નીરજા ગુપ્તાના પ્રકરણમાંથી સામે આવ્યો છે. જેમના શિરે યુનિવર્સિટીની શૈક્ષણિક ગરિમા, પારદર્શિતા અને નૈતિકતા જાળવવાની મુખ્ય જવાબદારી હતી, તે જ પૂર્વ કુલપતિની અતિશય જાહોજલાલી અને સરકારી નાણાંના ભ્રષ્ટ વપરાશના સજ્જડ પુરાવા 'પાક્કો ગુજરાત' પાસે આવ્યા છે.

મળતી માહિતી અને પુરાવાઓ અનુસાર, નીરજા ગુપ્તાએ પોતાની વિદેશ યાત્રાઓ દરમિયાન દુબઈ અને અમેરિકા જેવા દેશોના મોંઘા અને બ્રાન્ડેડ સ્ટોર્સમાંથી સરાજાહેર અંગત ખરીદી કરી હતી. આ વિદેશ પ્રવાસ દરમિયાન તેમણે પોતાના અંગત વપરાશ માટેની કિંમતી લિપસ્ટિક, આઈલાઈનર, બ્રાન્ડેડ કપડાં તેમજ અન્ય કોસ્મેટિક્સ અને બ્યુટી પ્રોડક્ટ્સની ખરીદી કરી હતી. આશ્ચર્યની વાત તો એ છે કે આ હજારો રૂપિયાનો ખર્ચ તેમણે પોતાના ખિસ્સામાંથી નહીં, પરંતુ ગુજરાત યુનિવર્સિટીના સરકારી ફંડમાંથી વસૂલ કર્યો હતો!

નીરજા ગુપ્તા સામે માત્ર બ્યુટી પ્રોડક્ટ્સની ખરીદી જ નહીં, પરંતુ અનેક ગંભીર નાણાકીય અનિયમિતતાઓ અને કૌભાંડોના આરોપો લાગેલા છે.

ભરતી કૌભાંડ: યુનિવર્સિટીમાં નિયમો કોરાણે મૂકીને કરવામાં આવેલી અનિશ્ચિત અને શંકાસ્પદ ભરતીઓ.

ગ્રાન્ટમાં ગેરરીતિ: સરકારી સબસિડી અને શૈક્ષણિક ગ્રાન્ટના નાણાંનો બિનઅધિકૃત રીતે ઉપયોગ.

સ્વજનોને ફાયદો: પોતાના પુત્રના ખાતામાં પોણા દસ લાખ (રૂ. ૯.૭૫ લાખ) જેટલી રકમ નિયમો વિરુદ્ધ ટ્રાન્સફર કરવાના ગંભીર આક્ષેપો.

બ્રાન્ડેડ ખરીદીના બિલો યુનિવર્સિટીમાંથી કેવી રીતે પાસ થયા?

સૌથી મોટો પ્રશ્ન એ ઊભો થાય છે કે યુનિવર્સિટીના એકાઉન્ટ્સ વિભાગ અને નાણાકીય અધિકારીઓની નજર સામેથી પૂર્વ કુલપતિના અંગત શોપિંગ, લિપસ્ટિક અને કપડાંના બિલો સરકારી ચોપડે કઈ રીતે મંજૂર થઈ ગયા?

વિદેશી ચલણમાં થયેલા આ અંગત ખર્ચાઓને કયા સરકારી શીર્ષક હેઠળ દર્શાવીને પાસ કરવામાં આવ્યા, તે અંગે પણ મોટા પાયે ગોટાળાની આશંકા સેવાઈ રહી છે.

શિક્ષણ જગતને શર્મસાન કરતી આ ઘટના સામે આવ્યા બાદ હવે શૈક્ષણિક વર્તુળોમાં અને સમગ્ર રાજ્યમાં ભારે ચર્ચા જાગી છે. ઉચ્ચ સ્તરેથી આ સમગ્ર નાણાકીય કૌભાંડની તટસ્થ અને ઊંડાણપૂર્વક તપાસ કરી જવાબદારો સામે કડકમાં કડક પગલાં ભરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી રહી છે.

# શહેરના ભુદરપુરાની 'ડૉ. ભીમરાઓ આંબેડકર કોલોની'ને આખરે વિકાસ ભાઈ મળી ગયા!!

## ઈન્દિરા ગાંધીના જમાનાની ચાલી, છત પર બનેલા કાચા મકાનો અને ઉભરાતી ગટરો વચ્ચે પીસાતું બાળપણ

અમદાવાદ

મેગા સિટી અમદાવાદના પોશ ગણાતા આંબાવાડી વિસ્તારની લગોલગ આવેલી અને ઈન્દિરા ગાંધીના શાસનકાળથી વસેલી 'ડૉ. ભીમરાઓ આંબેડકર કોલોની'ની સ્થિતિ અત્યાર સુધી બદથી પણ બદતર રહી છે. સ્માર્ટ સિટીના ઝાકઝમાળથી સજ્જ એસ્પિરેશનલ બિલ્ડિંગો વચ્ચે આ કોલોની એક એવો દાગ બનીને રહી ગઈ હતી, જ્યાં નાગરિકો દાયકાઓથી નરકાગાર જેવું જીવન જીવવા મજબૂર હતા.

પરંતુ, વર્ષોની આકરી રાહ અને યાતનાઓ બાદ આખરે આ કોલોનીના રહીશોને 'વિકાસ ભાઈ' મળી ગયા છે! પ્રધાનમંત્રી આવાસ યોજના (PMAY) હેઠળ આ કોલોનીના પુનર્વિકાસ (Re-development) નો માર્ગ સાફ થતાં રહીશોના ચહેરા પર આશાનું કિરણ પ્રગટ્યું છે અને તેઓ સરકારનો આભાર માની રહ્યા છે. પરંતુ, આ ક્ષણે એક કડવો સવાલ એ પણ પૂછવો જરૂરી બની જાય છે કે આટલા વર્ષો સુધી આ ગરીબ પરિવાર કોના પાપે વિકાસથી વંચિત રહ્યા?

'પાક્કો ગુજરાત'ની ટીમે જ્યારે ભુદરપુરા સ્થિત આ કોલોનીની ગ્રાઉન્ડ ઝીરો મુલાકાત લીધી, ત્યારે આંખે ઊડીને વળગે તેવી વરવી વાસ્તવિકતા સામે આવી હતી:

એક જ નાના ઓરડામાં આખો પરિવાર સમાઈ ન શકતા લોકોએ પોતાના જીવના જોખમે પતરા અને ઈંટોથી ધાબા પર કાચા ઘરો બનાવી લીધા છે.

વર્ષો જૂની ગટર લાઈનો વારંવાર સંપૂર્ણ બ્લોક થઈ જાય છે, જેના કારણે ગંદુ પાણી શેરીઓમાં ફરી વળે છે. ચોમાસામાં તો અહીં મચ્છર અને રોગચાળાનું સામ્રાજ્ય સ્થપાઈ જાય છે. પાકા રસ્તા, પીવાનું શુદ્ધ પાણી અને ડ્રેનેજ સિસ્ટમ માટે આ રહીશોએ દાયકાઓ સુધી સ્થાનિક તંત્રના ચક્કર કાપ્યા પણ માત્ર આશ્વાસનો સિવાય કંઈ ન મળ્યું.

'જેટલો હક સ્માર્ટ સિટીના હાઈરાઈઝ બિલ્ડિંગોનો છે, તેટલો જ હક આ દેશના બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાઓ આંબેડકરના નામે બનેલી કોલોનીના ગરીબ નાગરિકોનો પણ છે.'

### અમદાવાદમાં ગંદકી અને પ્રતિબંધિત પ્લાસ્ટિક સામે AMCનો સપાટો

# પશ્ચિમ ઝોનમાં 145 એકમોને નોટિસ, 8 ધંધાકીય એકમો સીલ : રૂપિયા 2.10 લાખનો દંડ વસૂલાયો

અમદાવાદ

અમદાવાદ શહેરને સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત બનાવવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)નું તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. જાહેરમાં ગંદકી ફેલાવતા અને સરકાર દ્વારા પ્રતિબંધિત કરવામાં આવેલા સિંગલ યુઝ પ્લાસ્ટિકનો સરાજાહેર ઉપયોગ કરતા બેફામ વેપારીઓ સામે AMCના પશ્ચિમ ઝોન સોલિડ વેસ્ટ વિભાગે લાલ આંખ કરીને મોટો દંડાત્મક સપાટો બોલાવ્યો છે. AMC દ્વારા પશ્ચિમ ઝોનમાં ખાસ સ્ક્વોડ ટીમો બનાવીને છેલ્લા ત્રણ દિવસ દરમિયાન દિવસ તેમજ રાત્રિના સમયે સઘન ચેકિંગ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન નારણપુરા, રાણીપ, નવા વાડજ, નવરંગપુરા, એસ.પી. સ્ટેડિયમ અને સાબરમતી સહિતના વિવિધ વિસ્તારોમાં આવેલી ખાણી-પીણીની લારીઓ, દુકાનો અને ધંધાકીય એકમો મળી કુલ ૨૩૭ સ્થળો પર આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાંથી જાહેરમાં ગંદકી અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા માલૂમ પડેલા ૧૪૫ એકમોને તાત્કાલિક અસરથી નોટિસ ફટકારવામાં આવી હતી.



તપાસ દરમિયાન ટીમે સ્થળ પરથી ૩.૮ કિલો જેટલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કર્યો હતો અને માત્ર પ્લાસ્ટિક વપરાશ પેટે ૫૭,૦૦૦નો વહીવટી ચાર્જ વસૂલ્યો હતો.

આ ઉપરાંત, જાહેર માર્ગો અને ફૂટપાથ પર કચરો ફેંકીને ન્યૂસન્સ ઊભું કરતા અને વારંવાર નિયમોનું ઉલ્લંઘન કરતા ૮ ગંભીર ગુનેગાર સમાન એકમોને સીલ મારીને તાળાબંધી કરી દેવામાં આવી હતી. સમગ્ર કાર્યવાહી દરમિયાન AMCએ કુલ મળીને ૨ લાખ ૧૦ હજારનો દંડ અને વહીવટી ચાર્જ વસૂલીને અસામાજિક તત્વોમાં ફાટો પાડી દીધો છે.

# અમદાવાદના ગીતામંદિરમાં લુખ્ખાઓનો ખુલ્લેઆમ આતંક

## કાગડાપીઠ પોલીસની હદમાં ધોળા દિવસે રાહદારીઓ પાસેથી પૈસા પડાવતા માથાભારે તત્વોનો વીડિયો વાયરલ, જનતામાં ભય અને આક્રોશ

અમદાવાદ

અમદાવાદ શહેરના અત્યંત વ્યસ્ત અને ધમધમતા ગીતામંદિર વિસ્તારમાંથી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર ગંભીર સવાલો ઉભા કરતી ચોંકાવનારી ઘટના સામે આવી છે. કાગડાપીઠ પોલીસ સ્ટેશનની હદમાં જ ધોળા દિવસે માથાભારે અસામાજિક તત્વો બેફામ બનીને સરાજાહેર આતંક મચાવી રહ્યા હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર શહેરમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે આ માથાભારે લુખ્ખાઓ રસ્તા પરથી પસાર થઈ રહેલા નિર્દોષ રાહદારીઓ અને વાહનચાલકોની પજવણી કરી રહ્યા છે. લોકોને વચ્ચે રસ્તે રોકી, ધમકાવીને અને ડરાવીને તેમની પાસેથી ખુલ્લેઆમ પૈસા પડાવવામાં આવી રહ્યા છે. જાહેર માર્ગ પર ચાલતી આ સરાજાહેર દાદાગીરીને કારણે ત્યાંથી પસાર થતાં નાગરિકોમાં ભારે ફાટકો પડ્યો છે.

ગીતામંદિર વિસ્તારમાં સેન્ટ્રલ એસ.ટી. બસ સ્ટેન્ડ આવેલું હોવાથી અહીં રોજેરોજ હજારો મુસાફરો, મહિલાઓ અને સ્થાનિક વેપારીઓની સતત અવરજવર રહે છે. આટલા મહત્વના અને ગીચ વિસ્તારમાં કાગડાપીઠ પોલીસની ગેરહાજરી કે ફુટ પેટ્રોલીંગનો અભાવ જોઈને અસામાજિક તત્વોને મોકળું મેદાન મળી ગયું છે. લુખ્ખાઓના આવા ખુલ્લા આતંકથી સ્થાનિક રહીશો અને મુસાફરોમાં ભારે ભય સાથે ઉગ્ર આક્રોશ વ્યાપી ગયો છે.

શું કાગડાપીઠ પોલીસનો ખોફ સાવ ખતમ થઈ ગયો છે?: કાયદાનો ડર રાખ્યા વગર ધોળા દિવસે લૂંટ ચલાવતા અસામાજિક તત્વો સામે પોલીસ કેમ મૌન છે?

જનતા લૂંટાય ત્યારે તંત્ર ક્યાં ઊંઘે છે?: હજારો લોકોની અવરજવર વાળા જાહેર રસ્તા પર જ નાગરિકો પાસે બળજબરીથી પૈસા પડાવવામાં આવતા હોય ત્યારે સ્થાનિક પોલીસ ક્યાં ગાયબ છે?

## સો. મીડિયાના માધ્યમથી યુવતીનો અશ્લીલ વીડિયો બનાવી માસિક 10,000ની હપ્તા વસુલી!

અમદાવાદ

અમદાવાદ શહેરના પોશ ગણાતા ધુમા-બોપલ વિસ્તારમાં સોશિયલ મીડિયા અને સાયબર ક્રાઈમના માધ્યમથી યુવતીને બ્લેકમેલ કરવાનો એક અત્યંત ચોંકાવનારો અને આંખો ઉઘાડી દેનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. એક શાતિર યુવકે યુવતીની સગી આંખો સામે વિશ્વાસ કેળવી અથવા અન્ય છટકું ગોઠવીને તેનું ઈન્સ્ટાગ્રામ (Instagram) આઈડી અને પાસવર્ડ મેળવી લીધો હતો. ત્યારબાદ વીડિયો કોલ દરમિયાન યુવતીનો અશ્લીલ વીડિયો ઉતારી લઈ તેને સતત ધમકાવી બ્લેકમેલ કરવાનો કાળો કારોબાર શરૂ કર્યો હતો. પીડિત યુવતી દ્વારા નોંધાવવામાં આવેલી પોલીસ ફરિયાદ મુજબ, આરોપી શખ્સે યુવતીનો અશ્લીલ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ કરી દેવાની ધમકી આપી હતી. વીડિયો ડિલીટ કરવા અને વાયરલ ન કરવાના બદલામાં બદમાશે દર મહિને ૧૦,૦૦૦નો હપ્તો આપવા માટે યુવતી પર માનસિક દબાણ બનાવવાનું શરૂ કર્યું હતું.

### અમદાવાદમાં નરોડા પોલીસનો મહાધમાકો

# ચંદીગઢથી બસમાં લવાતું 9 કરોડનું એમડી ડ્રગ્સ ઝડપાયું, નિખિલેશ નામનો પેડલર ઝબ્બે

અમદાવાદ

અમદાવાદ શહેરમાં નશાના કાળા કારોબાર સામે પોલીસે લાલ આંખ કરીને મોટો પ્રહાર કર્યો છે. શહેરના નાના ચિલોડા નજીક નરોડા પોલીસની ટીમે બાતમીના આધારે વોચ ગોઠવીને કરોડો રૂપિયાના મેફેડ્રોન (MD) ડ્રગ્સના જથ્થા સાથે એક આરોપીની ધરપકડ કરી છે. ચંદીગઢથી ખાનગી બસમાં ડ્રગ્સનો આ જથ્થો ઘૂસાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો, પરંતુ નરોડા પોલીસની તીક્ષ્ણ નજરે આ કાળા કારોબારનો પર્દાફાશ કરી દીધો છે. પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવેલા મેફેડ્રોન ડ્રગ્સની સ્થાનિક બજારમાં કિંમત આશરે ૫૫ લાખ અંકાય છે, જ્યારે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં આ જથ્થાની કિંમત ૯ કરોડથી પણ વધુ હોવાનો પ્રાથમિક અંદાજ લગાવાયો છે. પોલીસની આ સમયસૂચકતા અને કડક કામગીરીના કારણે અમદાવાદ શહેરમાં ઘૂસાડવામાં આવી રહેલો ઝેરનો મોટો જથ્થો પકડાઈ ગયો છે. પોલીસની કડક પૂછપરછમાં પકડાયેલા આરોપી નિખિલેશ અંગે ચોંકાવનારા ખુલાસા થયા છે. આરોપી ગત ૧૫ સપ્ટેમ્બરે અમદાવાદથી ખાસ ડ્રગ્સનો જથ્થો લેવા માટે ચંદીગઢ ગયો હતો. ત્યાં તેણે એક નાઈજિરિયન શખ્સ પાસેથી આ મેફેડ્રોનનો જથ્થો મેળવ્યો હતો. ચંદીગઢથી અમદાવાદ બસ મારફતે આ ડ્રગ્સ પહોંચાડવાના બદલામાં તેને ૧ લાખનું કમિશન મળવાનું નક્કી થયું હતું. માત્ર લાખ રૂપિયાની લાલચમાં આરોપી કરોડો રૂપિયાના નશાનો સામાન લઈને અમદાવાદ પહોંચ્યો હતો, જ્યાં પોલીસના હાથે ઝડપાઈ ગયો. આ મોટો જથ્થો અમદાવાદમાં કોને સપ્લાય કરવાનો હતો અને આ પાછળ કયા મોટા માથાં સંકળાયેલા છે તે દિશામાં નરોડા પોલીસે તપાસ ચક્ર ગતિમાન કર્યા છે. પોલીસે ચંદીગઢમાં જથ્થો આપનાર નાઈજિરિયન શખ્સ તેમજ અમદાવાદના સ્થાનિક રિસીવરોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્કના આ કેસમાં આવનારા દિવસોમાં વધુ ચોંકાવનારા ખુલાસાઓ અને મોટા નામો સામે આવે તેવી પૂરતી શક્યતા છે.

## સંક્ષીપ્ત સમાચાર

### મણીયાસા પાસે મહિલાને ચાકુ બતાવી સોનાની ચેઇન લૂંટનારા કુખ્યાત 'સીરીયો છારા' સહિત બે ઝડપાયા

અમદાવાદ શહેરમાં મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા અને ગુનેગારો પર લગામ કસવા માટે પોલીસ કમિશનરની ખાસ સૂચના બાદ પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. આ જ કડક પેટ્રોલીંગ દરમિયાન ખોખરા પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્ક્વોડે ધાક જમાવતી કામગીરી કરીને સરાજાહેર મહિલાની લૂંટ કરનારા બે શખ્સોને ગણતરીની મિનિટોમાં સ્થળ પરથી જ ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. ઘટનાની વિગત મુજબ, ખોખરા વિસ્તારમાં આવેલી મણીયાસા મહાલક્ષ્મી સોસાયટી પાસેથી એક મહિલા પસાર થઈ રહી હતી. આ સમયે નંબર પ્લેટ વગરના એક્સેસ ટૂ-વ્હીલર પર ધસી આવેલા બે લુખ્ખા તત્વોએ મહિલાનો રસ્તો રોકી તેમને આંતર્યા હતા. બદમાશોએ મહિલાને ધારદાર ચાકુ બતાવી, ચીસો પાડશે તો જાનથી મારી નાખવાની ધમકી આપી ભયનો માહોલ ઉભો કર્યો હતો.

### અમદાવાદમાં એક જ નંબર પ્લેટ પર દોડી રહી હતી AMTSની 2-2 ઇલેક્ટ્રિક બસો

અમદાવાદ શહેરના સ્માર્ટ ટ્રાન્સપોર્ટ અને કાયદા-વ્યવસ્થાની પોલ ખોલતો એક અત્યંત ચોંકાવનારો અને આંખો ઉઘાડી દેનારો કિસ્સો સામે આવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ (AMTS)ની ગંભીર બેદરકારી વચ્ચે એક જ રજિસ્ટ્રેશન નંબર (GJ 27 TJ 3550) ધરાવતી બે-બે ઈલેક્ટ્રિક (EV) બસો શહેરના રસ્તાઓ પર સરાજાહેર દોડી રહી હતી. તંત્રના જવાબદાર અધિકારીઓ અને ટ્રાફિક પોલીસ ઊંઘતી ઝડપાઈ હતી, પરંતુ એક જાગૃત નાગરિકની સતર્ક નજરે આ મોટા કૌભાંડ કે ઘોર બેદરકારીનો પર્દાફાશ કરી દીધો છે. મળતી વિગતો મુજબ, અમદાવાદના રસ્તાઓ પર પેસેન્જરોની અવરજવર કરતી AMTSની બે ઈલેક્ટ્રિક બસો પર એક સરખી જ નંબર પ્લેટ લાગેલી હતી.

### દાણીલીમડામાં 7 વર્ષની માસૂમ બાળકી સામે અશ્લીલ હરકત કરનાર વિકૃત નરાધમ ગણતરીના કલાકોમાં જેલના સળિયા પાછળ!

અમદાવાદ શહેરના દાણીલીમડા વિસ્તારમાં એક માસૂમ બાળકીની સુરક્ષા સામે ગંભીર સવાલ ઊભો કરતી અને માનવતાને શરમાવે તેવી અત્યંત ખૌફનાક તથા વિકૃત ઘટના સામે આવી છે. શાળાએથી છૂટીને પોતાના ઘરે ચાલીને જઈ રહેલી માત્ર ૭ વર્ષની માસૂમ બાળકીનો પીછો કરી તેની સામે ગુપ્ત ભાગ બહાર કાઢીને અશ્લીલ ઈશારા કરનારા નરાધમ બિલાલ અલી હુસેન શેખ ને દાણીલીમડા પોલીસે ગણતરીના કલાકોમાં દબોચી લઈને જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. હવસંધ અને વિકૃત માનસિકતા ધરાવતા આ શખ્સની ધરપકડ બાદ સ્થાનિક વાલીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે, જ્યારે પોલીસે પોક્સો (POCSO) સહિતની કડક કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની ધમાકેદાર કાર્યવાહી હાથ ધરી છે.

### દાણીલીમડામાં નશાના કાળા કારોબારનો ધડાકો: 200 ગ્રામ ગાંજા સાથે યુનુસ રંગરેજ જેલના સળિયા પાછળ!

અમદાવાદ શહેરને નશાની ગર્તામાં ધકેલતા ડ્રગ્સ માફિયાઓ અને પેડલરો સામે દાણીલીમડા પોલીસે મોટી કાર્યવાહી કરી છે.

કોટ વિસ્તારના અતિ સંવેદનશીલ ગણાતા બેરલ માર્કેટ વિસ્તારમાંથી ખુલ્લેઆમ ગાંજાનું છૂટક વેચાણ કરતા યુનુસ રંગરેજ નામના શખ્સને પોલીસે ૨૦૦ ગ્રામ ગાંજાના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડ્યો છે. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે આ ઝેરનો કારોબાર સલમાન સૈયદ નામના મુખ્ય સપ્લાયરના ઈશારે ચાલી રહ્યો હતો. પોલીસે હાલ ૧૦,૦૦૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી ફરાર મુખ્ય સૂત્રધાર સલમાનની ધરપકડ કરવા માટે તપાસના ચક્ર ગતિમાન કર્યા છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી ધાતક વિગતો મુજબ, આરોપી યુનુસ રંગરેજ છેલ્લા એક મહિનાથી બેરલ માર્કેટ અને આસપાસના ગલી-મહોલ્લાઓમાં યુવાનોને લક્ષ્ય બનાવીને ગાંજાનું છૂટક વેચાણ કરતો હતો.

### ગીતામંદિર પાસે સગીર સહિત 4 શખસનો બસમાંથી જાગૃત નાગરિકે વીડિયો ઉતાર્યો

અમદાવાદના ગીતામંદિર પાસે લુખ્ખાતત્વોનો આતંક સામે આવ્યો છે. જેમાં રસ્તા પરથી પસાર થતા મુસાફરો અને લોકોને ચાર જેટલા યુવકો લૂંટી રહ્યા હોવાનો વીડિયો વાઈરલ થયો છે. વીડિયોના આધારે પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. ઝોન 6 ડીસીપી ભગીરથસિંહ ગઢવીએ ભાસ્કરને કહ્યું કે, એક વીડિયો ધ્યાને આવ્યો તેમાં કેટલાક લોકો રાહદારીઓને રોકીને ચેક કરી રહ્યા છે. આ અંગે એક યુવકની ઓળખ થઈ છે. તેમજ આ વીડિયો ક્યારનો છે તેની પણ તપાસ ચાલુ છે. ગીતા મંદિર બસ સ્ટેન્ડ ખાતે રોજના લાખો મુસાફરો અવરજવર કરે છે. ત્યારે બસ સ્ટેન્ડ પાસેનો એક વીડિયો વાઈરલ થયો છે. જેમાં એક સગીર સહિત ચાર જેટલા લોકો રસ્તા પરથી પસાર થતા રાહદારી અને મુસાફરોને રોકીને તેમને ડરાવી ધમકાવીને તેમના ખિસ્સા ચેક કરીને સામાન લૂંટી લેતા નજરે આવે છે.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI